RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 66* Date: 01.01.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વડાપ્રધાન મોદીએ રાજકોટમાં નિર્માણ પામનાર AIIMSની આધારશિલા રાખી

# ૨૦૨૧નો નવો મંત્ર 'દવા પણ, કડકાઈ પણ': મોદી



ગાંધીનગર,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકોટમાં નિર્માણ પામનારી AIIMS હોસ્પિટલનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કર્યું છે. ખંઢેરી પાસે ૧૧૯૫ કરોડના ખર્ચે વિશાળ હોસ્પિટલ નિર્માણ પામવાની છે. રાજયના મુખ્યમંત્રી વિજય રુપાણીએ જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં વિશાળ હોસ્પિટલનું નિર્માણ થઈ જશે. વડાપ્રધાન મોદીએ ૨૦૨૦ તકલીફોથી ભરેલું રહ્યું હોવાની વાત કરી અને ૨૦૨૧માં આશાઓ દેખાઈ રહી હોવાની વાત કરી. તેમણે કહ્યું કે, ભારતમાં રસી આવતા વાર નહીં લાગે પણ દવા આવ્યા પછી પણ સુરક્ષાનું પાલન કરવા લોકોને સૂચન કર્યું છે. વેક્સીનને લઈને ચાલતી અફવાઓથી દૂર રહેવાની પણ મોદીએ સલાહ આપી છે.

ભારતમાં કોરોના વેક્સીન માટે ચાલી રહેલી અંતિમ તૈયારી અંગે વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, ×વેક્સીનને લઈને ભારતમાં તમામ જરુરી તૈયારીઓ ચાલી રહી છે. ભારતમાં બનેલી વેક્સીન ઝડપથી તમામ જરુરી વર્ગ સુધી પહોંચાડાશે, તેના માટેની તમામ કોશિશો અંતિમ તબક્કામાં છે. દુનિયાના સૌથી મોટા રસીકરણ અભિયાન માટે ભારતમાં પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. જે રીતે પાછલા વર્ષે સંક્રમણને રોકવા માટે આપણે એક થઈને પ્રયાસ કર્યા તે જ રીતે રસીકરણને સફળ બનાવવા માટે એકતા સાથે આગળ વધવાનું છે.× વડાપ્રધાન એમ પણ કહ્યું કે આપણાં ત્યાં કેટલાક લોકો અફવાનું વાતાવરણ ગરમ રાખવા પ્રયાસ કરતા હોય છે, પરંતુ આ પ્રકારની ભ્રામક બાબતોથી ગેરમાર્ગે દોરાવવું ના જોઈએ અને સોશિયલ મીડિયા પર આવતી માહિતીને સાચી માનીને સીધી શેર કરવાના બદલે તેની ચકાસણી જરુર કરવી જોઈએ.

કાર્યક્રમને સંબોધિત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે,

### આયુષ્યમાન યોજનાથી દર વર્ષે ગરીબોના ૩૬૦૦ કરોડ રૂપિયા બચે છે, કોરોના રસીની તૈયારી અંતિમ ચરણોમાં, એઈમ્સથી ૫ હજાર રોજગારી ઊભી થશે

આ વર્ષ પડકારોથી ભરેલું રહ્યું છે. વર્ષનો આ અંતિમ દિવસ ભારતના લાખો ડૉક્ટર્સ, હેલ્થ વોરિયર્સ, સફાઈ કર્મચારીઓ, દવાની દુકાનોમાં કામ કરનારા લોકો અને બીજા ફ્રન્ટ લાઈન વોરિયર્સને યાદ કરવાનો છે. કર્તવ્ય પથ પર જે સાથીઓએ પોતાનો જીવ આપ્યો છે, તેમને નમન કરું છું. વડાપ્રધાને કોરોના સામે આખું લડાઈ લડી તેને યાદ કરીને એમ પણ કહ્યું કે વર્ષ ૨૦૨૦માં આપણે એ શીખીને જવાનું છે કે સ્વાસ્થ્ય જ સાચી સંપત્તિ છે. વડાપ્રધાને કહ્યું કે, વર્ષ ૨૦૨૦માં સંક્રમણની નિરાશા હતી, ચિંતાઓ હતી, ચારે તરફ સવાલ ઉઠતા હતા, પરંતુ ૨૦૨૧ સારવારની આશા લઈને આવી રહ્યું છે. વેક્સીનને લઈને ભારતમાં જરુરી તૈયારી ચાલી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે, ભારતે એક થઈને જરુરી પગલા ભર્યા, તેનું આ પરિણામ છે કે આપણે સારી સ્થિતિમાં છીએ. જે દેશમાં ૧૩૦ કરોડ કરતા વધારે લોકો છે, વસ્તી ગીચતા છે, ત્યાં લગભગ ૧ કરોડ લોકો બીમારી સામે લડીને જીત્યા છે.

વડાપ્રધાન મોદીએ પોતાના ભાષણના અંતમાં ગુજરાતીમાં રાજકોટવાસીઓ અને ગુજરાતના લોકોને કોરોના સામે લડવા માટે એક રહેવા માટે જણાવ્યું હતું. આ સાથે તેમણે લોકોને કહ્યું કે ૨૦૨૦માં સૂત્ર હતું કે દવા નહીં ત્યાં સુધી ઢીલાસ નહીં પરંતુ ૨૦૨૧નો નવો મંત્ર હશે- દવા પણ, કડકાઈ પણ. તેમણે કહ્યું કે દવા આવી જાય એટલે નિશ્ચિત થઈ જવાની જરુર નથી પરંતુ સુરક્ષિત રહીને આગળ વધવાની જરુર છે. આયુષ્યમાન ભારત યોજનાથી ગરીબોના ૩૦ હજાર કરોડ રૂપિયા બચ્યા છે. કેન્સર, હાર્ટ, કિડનીની સમસ્યા હોય તેવા ગરીબોની સારી હોસ્પિટલમાં ફ્રીમાં સારવાર મળી છે. દેશમાં ૭ હજાર જનઔષધિ કેન્દ્રો ગરીબોની દવા ફ્રીમાં આપવા વિચાર કરી રહ્યાં છીએ. આ કેન્દ્રો પર દવા ૯૦ ટકા સુધી સસ્તી હોય છે. સાડા ત્રણ લાખથી વધુ દર્દીઓ રોજ જનઔષધિ કેન્દ્રોનો લાભ લે છે. રાજકોટમાં આકાર પામનારી AIIMSના ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી વિજય રુપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન, કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજ્યમંત્રી અશ્વિની ચૌબે ઉપસ્થિત રહ્યા હતા.

### તમામ ૨૫ સંક્રમિત વ્યક્તિઓને સરકારી સુવિધામાં આઈસોલેટ કરાયા

## દેશમાં યુકેવાળા નવા કોરોનાના વધુ ૫ દર્દી મળ્યા, સંક્રમિતોનો આંક ૨૫ થયો



ન્યુ દિલ્હી,તા.૩૧

ભારતમાં બ્રિટનવાળા નવા કોરોના વાયરસના દર્દીઓમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાના નવા સ્ટ્રેનના વધુ પાંચ દર્દીઓ મળ્યા છે. આ સાથે જ નવા કોરોના સ્ટ્રેનથી સંક્રમિતોનો આંક ૨૫ થઈ ગયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આ અંગે સત્તાવાર પુષ્ટી કરી છે. બુધવારે નવા કોરોના સ્ટેરનના વધુ ૧૪ દર્દીઓ મળી આવ્યા હતા. જેમાં દિલ્હીથી આંધ્ર પ્રદેશ ભાગી ગયેલી મહિલાનો પણ સમાવેશ થયો હતો.

કોરોના વાયરસના નવા સ્ટ્રેનના પાંચ પૈકીના ચાર કેસ દિલ્હીના છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીએ ચાર કેસની અને સીએસઆઈઆર-ઈન્સ્ટિટ્યૂટ ઓફ જીનોમિક્સ એડ એન્ટીગ્રેટિવ બાયોલોજીએ એક કેસની ખાતરી કરી છે. નવા કોરોનાના લક્ષણથી સંક્રમિત દર્દીઓને સરકારી આરોગ્ય સેવા સાથે ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જીનોમ ક્રમ બાદ ભારતાં બ્રિટનવાળા કોરોના વાયરસના કુલ ૨૫ કેસો સામે આવ્યા છે. આરોગ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ ૨૫ સંક્રમિત વ્યક્તિઓને સરકારી સુવિધામાં આઈસોલેટ કરાયા છે. થોડા દિવસો અગાઉ બ્રિટનમાં સૌપ્રથમ નવા પ્રકારનો કોરોના વાયરસ મળ્યો હતો અને તેને પગલે વિશ્વભરમાં ફફડાટ ફેલાયો હતો.

## વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી પ્રવર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરી

ન્યુ દિલ્હી,તા.૩૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદની મુલાકાત લીધી હતી. હાલ દેશ અને દુનિયામાં પ્રવર્તી રહેલી પરિસ્થિતિ વિશે તેમણે રાષ્ટ્રપતિ સાથે ચર્ચા વિચારણા કરી હતી.

રાષ્ટ્રપતિ ભવને ટ્વીટર પર આ મુલાકાત વિશે જાહેર કર્યું હતું. હાલ દેશ સમક્ષ એક કરતાં વધુ પડકારો ખડા છે. એક તરફ ચીન સાથે તનાવની પરિસ્થિતિ છે, તો બીજી બાજુ પાકિસ્તાન સરહદે છમકલાં કરી રહ્યું છે. આર્થિક પરિસ્થિતિ ચિંતાજનક છે અને કોરોના હજુય દેશમાં કાળો કેર વર્તાવી રહ્યો છે.

સૌથી મોટી ચિંતા તો કહેવાતા ખેડૂત આંદોલનની છે. છેલ્લા લગભગ સવા મહિનાથી ખેડૂતો દિલ્હીના સીમાડે અડ્ડો જમાવીને બેઠાં છે. સરકારે મોકલેલી તમામ દરખાસ્તો તેમણે નકારી હતી. તેમણે એવી જિદ પકડી હતી કે તાજેતરમાં સરકારે રચેલા ત્રણ નવા કૃષિ કાયદા પાછા ન ખેંચાય ત્યાં સુધી ખેડૂતો નવી દિલ્હી છોડીને પાછા જવા તૈયાર નથી. એક માસમાં ત્રીસથી વધુ ખેડૂતોએ જાન ગુમાવ્યા હતા. સાથોસાથ કુદરત પણ વિફરી હોય એમ અત્યારે દિલ્હીમાં કાતિલ કહેવાય એવી ભયાનક ઠંડી પડી રહી હતી. નેપાળમાં ઓલી સરકારે સંસદ વિસર્જન કરી નાખ્યું હતું.

રશિયા અને ચીન વચ્ચે ઘરોબો વધી રહ્યો હતો. આ અને આવા બીજા ઘણા મુદ્દા વડા પ્રધાને રાષ્ટ્રપતિ સાથે ચર્ચ્યા હતા. આજે ૨૦૨૦નું વર્ષ વિદાય લઇ રહ્યું છે ત્યારે વડા પ્રધાને અને રાષ્ટ્રપતિએ એકબીજાને આવી રહેલા નવા ઈસાઇ વર્ષની શુભેચ્છા પણ આપી હતી એમ રાષ્ટ્રપતિ ભવનની ટ્વીટમાં જણાવાયું હતું.

સામાન્ય રીતે વડા પ્રધાન વિદેશ યાત્રાથી પાછાં ફરે ત્યારે રાષ્ટ્રપતિની મુલાકાત લેતાં હોય છે. ઘરઆંગણે આવી મુલાકાતો બહુ ઓછી થતી હોય છે એટલે વડા પ્રધાને લીધેલી રાષ્ટ્રપતિની મુલાકાતે સારું એવું કુતૂહલ સર્જ્યું હતું.

### દિલ્હી એમ્સ ડાયરેક્ટર ગુલેરિયાની ચેતવણી

## કોરોના નવા સ્ટ્રેન ખૂબ જ ચેપી, વધુ સાવધાની રાખવાની જરૂર



ન્યુ દિલ્હી,તા.૩૧

દિલ્હી એમ્સના ડાયરેક્ટર ડો.રણદીપ ગુલેરિયાએ બ્રિટનથી ફેલાતા કોરોના વાયરસના નવા સ્ટ્રેનને લઇ ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે આ નવા સ્ટ્રેન ખૂબ જ ચેપી છે, તેથી આપણે વધુ સાવધાની રાખવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું કે એવું પણ શક્ય છે કે બ્રિટનનું નવું સ્વરૂપ નવેમ્બર કે ડિસેમ્બરની શરૂઆતમાં જ આવી ગયું હોય, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયા દરમિયાન દેશમાં કોરોનાના કેસોમાં બહુ વધારો થયો નથી.

ગુલેરિયાએ કહ્યું કે આ અભ્યાસ સૂચવે છે કે યુકેથી ફેલાયેલ કોરોનાનો આ નવો સ્ટ્રેન ખૂબ જ ચેપી છે, તેથી આ ચિંતાનો વિષય છે. બ્રિટનથી આવતી ફ્લાઈટ્સને લઈને પણ સરકારે ઘણી બાબતો નક્કી કરી છે. તેના માટે એક કન્સોર્ટિયમ સ્થાપ્યો છે જે ભારતમાં આવેલા નવા સ્ટ્રેનનો અભ્યાસ કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો નવા સ્ટ્રેનથી ભારતમાં કોરોનાના કેસ ઝડપથી વધી જાય તો આપણે કાર્યવાહી કરવામાં સંપૂર્ણપણે સક્ષમ છીએ.

ડૉ.ગુલેરિયાએ કહ્યું કે ભારત ખૂબ સારી સ્થિતિમાં છે, આપણા દૈનિક નવા કેસો ઓછા થઈ ગયા છે. આપણો રિકવરી રેટ ઉંચો છે અને કોરોનાથી થનાર મૃત્યુ દર ઓછો છે. તેમણે સલાહ આપતા કહ્યું હતું કે નવા સ્ટ્રેનના લીધે આપણે વધુ સાવધાની રાખવાની અને એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે આપણે તેને ભારતમાં મોટાપાયે આવવા ના દઈએ. ઓક્સફર્ડ એસ્ટ્રાઝેનેકાની કોરોના રસી વિશે ડૉ.ગુલેરિયાએ કહ્યું કે આ ખૂબ સારા સમાચાર છે કે આ રસી યુકેમાં માન્ય થઈ છે. તેની પાસે મજબૂત વ્યક્તિઓ છે. ભારતમાં સમાન રસી સીરમ સંસ્થા દ્વારા બનાવવામાં આવી રહી છે. આ ભારત માટે જ નહીં પરંતુ વિશ્વના ઘણા ભાગો માટે આ એક મોટું પગલું છે.

## સરકારે ઈપીએફ ખાતાઓમાં ૮.૫ ટકા વ્યાજ ઉમેરવાના પ્રસ્તાવને મંજૂરી આપી

ન્યુ દિલ્હી,તા.૩૧

નાણા મંત્રાલયે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના ઈપીએફ ખાતાઓમાં ૮.૫ ટકા વ્યાજ ઉમેરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આથી કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના લગભગ ૬ કરોડ ખાતાધારકોને લાભ થશે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું હતું કે શ્રમ મંત્રાલય ટૂંક સમયમાં વ્યાજ દરને નોટિફાય કરશે.

ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઓએ માર્ચમાં વર્ષ ૨૦૧૯-૨૦ના ૮.૫ ટકા વ્યાજ દરને મંજૂરી આપી હતી. સપ્ટેમ્બરમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ૮.૫ ટકા વ્યાજની આ રકમને બે હપ્તા (૮.૧૫ અને ૦.૩૫ ટકા)માં મોકલવામાં આવશે. પરંતુ શ્રમ મંત્રાલયે આ મહિને નાણાં મંત્રાલયને એક પ્રસ્તાવ મોકલ્યો છે, જે ૨૦૧૯-૨૦ માટે પીએફ ખાતાઓમાં ૮.૫% વ્યાજનો હપ્તો જમા કરાવવા માટે મંજૂરી માગી હતી.

ઈપીએફઓ પોતાના ઈક્રીમેન્ટલ કોર્પસના ૧૫ ટકા સુધી ઈટીએફમાં રોકાણ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં ઈપીએફઓને ઈક્વિટી રોકાણ પર માઈનસ ૮.૩ ટકા રિટર્ન મળ્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૧૯માં ૧૪.૭ ટકા હતું. ૮.૫ ટકા વ્યાજ દર સાત વર્ષમાં સૌથી નીચું છે. ૨૦૧૮-૧૯માં ૮.૬૫% વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું. આમ ૨૦૧૮-૧૯ની સરખામણીમાં ૨૦૧૯-૨૦માં તે ૦.૧૫% જેટલું ઓછું છે.

ફાઈનાન્સ ઈન્વેસ્ટમેન્ટ અને ઓડિટ કમિટીના અંદાજ મુજબ પીએફ શેરહોલ્ડરોના ખાતાઓમાં ૮.૫% વ્યાજ આપ્યા પછી ઈપીએફઓની પાસે ૭૦૦ કરોડ રૂપિયાની રકમ સરપ્લસ રહેશે. વ્યાજ દરને બે ભાગમાં વહેંચવા પાછળનો હેતુ એ હતો કે ઈપીએફઓની બચત પર કોઈ અસર ન થાય. કોરોના કાળમાં લોકોએ પીએફને મોટાપાયે ઉપાડ કર્યો હતો. પરંતુ ઈપીએફઓએ ઈક્વિટી બજારોમાં આવેલી તેજીનો લાભ ઉઠાવી લીધો હતો.

## આજથી દિલ્હી-કટરા વચ્ચે દોડતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ફરી શરૂ થશે

ન્યુ દિલ્હી,તા.૩૧

ભારતીય રેલવેએ માતા વૈષ્ણોદેવીના ભક્તોને નવા વર્ષની ભેટ આપી છે. રેલવે ૧ જાન્યુઆરી ૨૦૨૧ એટલે કે આવતીકાલથી નવી દિલ્હી-કટરાની વચ્ચે દોડતી વંદે ભારત એક્સપ્રેસને ફરીથી શરૂ કરવા જઈ રહી છે. કોવિડ-૧૯ મહામારીને કારણે આ ટ્રેનને માર્ચમાં બંધ કરવામાં આવી હતી. વંદે ભારત એક્સપ્રેસ શરૂ થયા બાદ ભક્તો માતા વૈષ્ણોદેવીના દર્શન માટે જઈ શકશે.

રેલવેમંત્રી પિયુષ ગોયલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા આ ટ્રેનને શરૂ કરવાની જાણકારી આપી છે. ગોયલે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, દિલ્હીથી કટરા સુધી માં વૈષ્ણોદેવીની યાત્રા કરાવતી વંદે ભારત એક્સપ્રેસ ૧ જાન્યુઆરી ૨૦૨૧થી ફરીથી પોતાની સેવાઓ શરૂ કરશે. માતાના તમામ ભક્તો અને યાત્રાળુઓનું સ્વાગત કરવા ભારતની આધુનિક ટ્રેન ફરી એકવાર તૈયાર છે. જય માતા દી.

નવી દિલ્હીથી કટરાની વચ્ચે દોડતી વંદે ભારત એક્સપ્રેસની શરૂઆત કેન્દ્રીય ગૃહમંત્રીએ ૩ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ કરી હતી. ૫ ઓક્ટોબરથી મુસાફરો માટે તેની રેગ્યુલર સેવા શરૂ થઈ હતી. કોવિડ-૧૯ મહામારીને કારણે આ વર્ષે માર્ચમાં વંદે ભારત એક્સપ્રેસને બંધ કરવામાં આવી હતી. તે ઉપરાંત નવી દિલ્હી-બનારસની વચ્ચે પણ વંદે ભારત એક્સપ્રેસનું સંચાલન થાય છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૭૮૦
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૪૫૦૩૮
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦૪
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૯૧૬
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૩૦૯૯૩

## તંત્રી સ્થાનેથી...

### રાજકીય ક્ષેત્રથી કોરોના દુર રહ્યો પરંતુ નવા વર્ષમાં નવો ડરઃ કોરોના સ્ટ્રેન કેવા પરિણામો લાવશે....?

૨૦૨૦ નું વર્ષ વિદાય લઇ રહ્યું છે અને નવું વર્ષ ૨૦૨૧ ને આવકારવા દેશભરમાં મર્યાદા વચ્ચે ઉજવણી થશે અને તે માટે કોઈ જવાબદાર હોય તો તે છે માત્ર ને માત્ર કોરોના ઉપરાંત દેશમાં બ્રિટનથી આવી પહોચેલા નવા રૂપનો કોરોના સ્ટ્રેનની ઘાતક આક્રમકતાનો ફરી વળેલો ડર.... ડા ૨૦૨૦ ના વર્ષમાં કોરોનાવાયરસના કહેરે સમગ્ર વિશ્વ સાથે ભારતને પણ પોતાના રાક્ષસી સ્વરૂપનો અનુભવ કરાવી દીધો છે્ અને આજે પણ તેનો થોડા ઘણા અંશે ખેલ ચાલી રહ્યો છે. કોરોના નાથક વેક્સિન આવી નથી છતાં હાલના સમયમાં તેનું જોર ઘટી રહ્યું છે તે એક હકીકત છે. કોરોના મહામારીમાં વીતેલુ ૨૦૨૦ નું વર્ષ લોકો ઘણા વર્ષો ભૂલી શકશે નહીં... કારણ દેશમાં હૃદય કંપાવી દેતી બની ગયેલી અનેક ઘટનાઓએ લોકોના કાળજા હચમચાવી નાખ્યા છે. કર્ફ્યુ પછી યોજાયેલા દીવા, થાળી વગાડવી, ઘંટનાદ,ઢોલ ત્રાસાના અવાજથી નાસમજ લોકોએ રસ્તાઓ પર ઉમટી પડી વાતાવરણ ગજાવી મૂક્યું હતું... જાણે કે કોરોના ભાગી ગયો. પરંતુ કોરોનાએ પોતાનુ વરવુ સ્વરૂપ બતાવતા લાખો લોકો પોતાની ચપેટમાં લઇ લીધા તો હજારોને મોતના મુખમાં ધકેલી દીધા. આ બધી ઘટમાળ વચ્ચે દેશમાં બિહાર રાજ્ય સાથે દેશના વિવિધ રાજ્યોમાં ખાલી પડેલી ૬૬ બેઠકો માટેની પેટા ચૂંટણીઓ યોજાઇ જેમાં રાજકીય ક્ષેત્રથી કોરોના દૂર રહેતો હોય તે રીતે ચૂટણીના વિવિધ કાર્યક્રમો-સભાઓ વગેરે ગાજતા રહ્યા...માસ્ક, ડિસ્ટન્સ સેનેટાઈઝર જેવા નિયમોના ધજીયા ઉડ્યા છતાં કોઇ એક્સન નહી. બીજી તરફ માસ્ક ધારણ ન કરનારાઓ પાસેથી કરોડો રૂપિયાનો દંડ વસૂલાયો... તેમાં કોમનમેનો જ સૌથી વધુ ભોગ બન્યા. રાજકિય કાર્યક્રમો દરમિયાન આખ-કાન વગરનુ બની તંત્ર....કોમન મેન સામે કોરોના બહાને દંડ વસૂલવા જાગૃત રહ્યું.....! અને હવે કોરોના રોગચાળા વચ્ચે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજવા તરફ તંત્ર આગળ વધી રહ્યું છે. ત્યારે એવું લાગે છે કે કોરોના વાયરસથી બચવાના કે ફેલાતો અટકાવવા આમ પ્રજા માટે પાળવાના કોરોના નિયમો રાજકિય ક્ષેત્રથી દૂર ભાગતા થઈ જાય છે....!?

૨૦૨૦ ના વર્ષમાં જ સરકારે જે ઝડપે વિવિધ રૂપે એક પછી એક ત્રણ નવા કૃષિ બિલો મંજૂર કરી કાયદા બનાવી દીધા તેમાં કૃષિ બિલો મંજુર થતા પહેલા અદાણી અને રિલાયન્સ કંપનીએ ૫૩ જેટલી એગ્રીકલ્ચર નામધારી સંસ્થાઓ રજિસ્ટર કરાવી દીધી તેમજ અદાણીએ હરિયાણામાં જમીન રાખેલ તેમાં સ્ટોરેજ બાધવાનુ કામ શરૂ કરાવી દીધુ તેમજ રેલવેના પાટા પણ નંખાઈ ગયા તેના વીડીયો વાયરલ થઈ ગયા જેના વિડીયો આંદોલન દિલ્હી બોર્ડર પર ચાલી રહ્યું છે તે દરમિયાન વાયરલ થયા હતા. ત્યારે સરકારના કેટલાક ઉત્સાહી બોલકા નેતાઓએ એવા નિવેદનો કર્યા કે ખેડૂતો વધુ ભડતી ગયા અને આંદોલન વધુ મજબૂત બની ગયું. દરમ્યાન ખાલીસ્તાની સૂત્રો પોકારતા ખેડૂતને પકડી પાડ્યો કે જેના ફોટા વડા પ્રધાન સાથે હતા જેના વીડિયો પણ વાયરલ થયા. આંદોલનમાં વિપક્ષ હોવાનો દાવો થયો પરંતુ આ બધી બાબતનો છેદ શરૂઆતથીજ ખેડૂતોએ એ રીતે ઉડાડી દીધો હતો કે એક પણ રાજકારણીને તેમના મંચનો રાજકીય ઉપયોગ કરવા દીધો નથી. તેમજ સરકાર સાથેની વાટાઘાટો ફક્ત ખેડૂતો જ કરી રહ્યા છે. નોંધનીય ગંભીર બાબત એ બની રહી છે કે આંદોલનને કારણે કોરોના ફેલાશે તેવી શંકા ભરી વાતો કરવામાં આવેલી.... પરંતુ આજદિન સુધી કડકડતી-હાડ ધ્રુજાવતી ઠંડીમાં નવા કૃષિ કાનુન રદ કરવા બાબતે લડત આપી રહેલા લાખો ખેડૂતો વચ્ચે કોરોના પ્રવેશ કરી શક્યો નથી....!! કોઈ પણ ખેડૂત કોરોનાનો ભોગ બન્યો નથી.... ત્યારે આમ પ્રજામાં પણ શંકા ફરી વળી છે કે શું કોરોના મહામારી એ કોઈ આયોજન પૂર્વકનું કૌભાંડ તો નથીને.....? કારણ કે લાખો ખેડૂતો મોઢે માસ્ક તથા ડિસ્ટન્સ જાળવતા નથી છતાં...બલ્લે...બલ્લે...આમ કેમ...? નવા વર્ષમાં કોરોના નાશક વેક્સિન ટ્રાયલ શરૂ થઈ છે તો સફળ થયેલ વેક્સિન હજુ આવી નથી.... છતાં લાખો લોકો સાજા થઇ ગયા છે. હવે કોવિશિલ્ડ નામક રસી મંજૂરી થવા પર છે... પરંતુ નવા વર્ષમાં બ્રિટનથી આવી પહોંચેલ નવો ઘાતક નવા રૂપે "કોરોના સ્ક્રેન" કેવા પરિણામો લાવશે....? તેવા શંકા સાથે સવાલ ઉભા કરી દીધા છે.....!

## સરકારે ફરજીયાત ફાસ્ટેગની સમયમર્યાદા વધારીને ૧૫ ફેબ્રુઆરી કરી



ન્યુ દિલ્હી,તા.૩૧

સડક પરિવહન મંત્રાલયે નેશનલ હાઈવે પર ટોલ ટેક્સ ભરવા માટે ફાસ્ટટેગને ફરજીયાત કરવાની ડેડલાઈન લંબાવીને ૧૫ ફેબ્રુઆરી સુધી વધારી દીધી છે. કેન્દ્ર સરકારે ટોલ પ્લાઝા પર ટોલ કલેક્શનને સરળ અને સુરક્ષિત બનાવવાની સાથે સાથે લાંબી લાઈનોમાંથી રાહત આપવા માટે તમામ ફોર વેહીલર વાહનો માટે ૧ જાન્યુઆરીથી ફાસ્ટેગ ફરજીયાત કરવાનો નિર્ણય લીધો હતો.

ફાસ્ટેગ એ ઈલેક્ટ્રોનિક ટોલ સંગ્રહ ટેકનીક છે જે નેશનલ હાઈવે પરના ટોલ પ્લાઝા પર ઉપલબ્ધ છે. આ ટેકનીક રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશનના આચાર્ય પર કામ કરે છે. આ ટેગને વાહનની વિન્ડસ્ક્રીન પર મૂકવામાં આવે છે જેથી ટોલ પ્લાઝા પરના સેન્સર તેને વાંચી શકે. જયારે કોઈ વાહન ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ લેનમાંથી પસાર થાય છે ત્યારે ટોલ ચાર્જ ઓટોમેટિક કપાઇ જાય છે. આ માટે વાહનો અટકાવવાની જરૂર નથી. એક વખતના રજીસ્ટ્રેશન બાદ ફાસ્ટેગ ૫ વર્ષ માટે સક્રિય રહે છે. તેને ફક્ત સમયસર રિચાર્જ કરવાનું હોય છે.

### ભારત સરકારના ઋણબોજમાં સતત વધારો

# દેશનું બાકી દેવું ૫.૬ ટકા વધીને ૧૦૭.૦૪ લાખ કરોડને પાર

### જૂન ક્વાર્ટરના અંતે સરકારનું જાહેર દેવું ૧૦૧.૩ લાખ કરોડ હતું જે સપ્ટેમ્બરમાં વધીને ૧૦૭.૪ લાખ કરોડને પાર થયું

ન્યુ દિલ્હી,તા.૩૧

ભારત સરકારના ઋણબોજમાં સતત વધારો થતા તે દેવા ડુંગળ તળે દબાઇ રહી છે. જાહેર ઋણબોજના સત્તાવાર આંકડા મુજબ ભારત સરકારનું બાકી જાહેર દેવું પૂરા થયેલા સપ્ટેમ્બર ક્વાર્ટર ૨૦૨૦ના અંતે ૫.૬ ટકા વધીને ૧૦૭.૦૪ લાખ કરોડને આંબી ગયુ છે. જ્યારે જૂન ક્વાર્ટરના અંતે સરકારનું જાહેર દેવુ ૧૦૧.૩ લાખ કરોડ રૂપિયા નોંધાયુ હતુ.

ભારતના જાહેર ઋણબોજમાં ત્રિમાસિક ધોરણે ૫.૬ ટકાનો વધારોએ કોરોના મહામારીના કટોકટી દરમિયાન આરોગ્ય સેવાઓ પાછ્લ ઉંચા ખર્ચ અને વેરાકીય આવક ઓછી રહેવા છતાં વધેલા સરકારી ખર્ચને આભારી છે. જે સરકારી આવક દબાણ હેઠળ હોવાનું પ્રતિબિબં પાડે છે.

જાહેર દેવા વ્યવસ્થાના તાજેતરના ત્રિમાસિક રિપોર્ટ મુજબ સપ્ટેમ્બર ક્વાર્ટર ૨૦૨૦ના અંતે કુલ બાકી જવાબદારીઓમાં જાહેર દેવાનો હિસ્સો ૯૧.૧ ટકા જેટલો હતો. રિપોર્ટમાં જણાવ્યા મુજબ ડેટ જામીનગીરીઓના પ્રાયમરી ઈશ્યૂ ઉપર સરેરાશ વેઈટેજ યિલ્ડ જે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં ૫.૮૫ ટકા હતી તે ઘટીને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫.૮૦ ટકા થઇ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧ના બીજા ક્વાર્ટર દરમિયાન ઓક્શન માટે ૧૩ તબક્કામાં ૪,૨૦,૦૦૦ કરોડ રૂપિયાની જામીનગીરીઓ મૂકવામાં આવી હતી, ગ્રીનશૂ ઓપ્શન્સની કામગીરીને લીધે અગાઉ જાહેર કરેલ કરતા થોડીક વધારે છે.

કેન્દ્ર સરકારે ચાલુ નાણાંકીય વર્ષે પ્રથમ ક્વાર્ટરમાં ૩,૪૬,૦૦૦ કરોડની જામીનગીરીઓ ઇશ્યૂ કરી હતી જે વર્ષ પૂર્વેના સમાન ગાળાના ૨,૨૧,૦૦૦ કરોડ રૂપિયાની તુલનાએ વધારે છે.

કેન્દ્ર સરકારની જામીનગીરીઓના માલિકીના પેટર્નથી જાણવા મળે છે કે, કોમર્શિયલ બેક્રોની હિસ્સેદારી જે માર્ચ ૨૦૨૦ના અંતે ૪૦.૪ ટકા ગતી જે સપ્ટેમ્બર ૨૦૨૦ના અંતે ઘટીને ૩૮.૬ ટકા થઇ ગઇ છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના અંતે વીમા કંપનીઓ અને પ્રોવિડન્ટ ફંડની હિસ્સેદારી અનુક્રમે ૨૫.૩ ટકા અને ૪.૮ ટકા હતી. તો મ્યુ.ફંડોની હિસ્સેદારી જૂન ક્વાર્ટરના ૨.૦ ટકાથી વધીને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૨.૪ ટકા થઇ છે.

### રાહુલ ગાંધીનો દાવો

## મોદી સરકારે આ વર્ષે ઉદ્યોગપતિઓનું ૨૩ ખરબ રૂપિયાનું દેવું માફ કર્યુ

ન્યુ દિલ્હી,તા.૩૧

કોંગ્રેસ સતત મોદી સરકાર પર હમલાવર છે. હાલના સમયમાં ખેડૂતોના મુદ્દાને લઈને કોંગ્રેસ તરફથી કેન્દ્ર સરકાર પર નિશાન સાધવામાં આવી રહ્યું છે. જ્યારે હવ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વિકાસના મુદ્દા પર મોદી સરકરાને આડે હાથ લીધી છે. રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે આ વર્ષે મોદી સરકારે કેટલાક ઉદ્યોગપતિઓનું ૨૩ ખરબથી વધારેનું દેવુ માફ કર્યુ છે.

કોંગ્રેસ સાંસદ અને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું, '૨૩૭૮૭૬૦૦૦૦૦૦૦ રૂપિયાનું દેવું આ વર્ષે મોદી સરકાર કેટલાક ઉદ્યોગપતિઓનું માફ કર્યું. આ રકમથી કોવિડના મુશ્કેલય સમયમાં ૧૧ કરોડ પરિવારને ૨૦-૨૦ હજાર રૂપિયા આપી શકાયા હોત. મોદી જીના વિકાસનું સત્ય.'

આ પહેલા પણ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. હાલમાં જ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, પીએ મોદીએ દરેક વ્યક્તિના ખાતામાં ૧૫ લાખ અને દર વર્ષે ૨ કરોડ નોકરીઓનું વચન આપ્યું હતુ. નોટ બંધી યાદ અપાવતા રાહુલ ગાંધીએ કહ્યુ- પીએમ મોદીએ કહ્યું હતુ કે મને ૫૦ દિવસનો સમય આપો બધું સારું થઈ જશે. કોરોના વાયરસને લઈને પણ પીએમ મોદીએ કોરોના વિરૂદ્ધ યુદ્ધ જીતવા માટે ૨૧ દિવસનો સમય માગ્યો હતો. પણ એવું કંઈ જ થયું નહીં.

રાહુલ ગાંધીએ કહ્યું કે, પીએમ મોદીના ખોટું બોલવાના લાંબા ઈતિહાસને કારણે ખેડૂતો તેમના પર વિશ્વાસ નથી કરી રહ્યા. ખેડૂતો સતત કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર નિશાન સાધ્યું. રાહુલે કહ્યું, 'ખેડૂતની આત્મનિર્ભરતા વગર દેશ ક્યારેય આત્મનિર્ભર ન બની શકે. ખેડૂત વિરોધી કાયદો પરત લો. ખેડૂતને બચાવો, દેશ બચાવો.

### એશિયાના સૌથી શ્રીમંત તરીકેનું મુકેશ અંબાણીનું બિરુદ છીનવાયું

# ચીનના બોટલ વોટર કિંગ શાનશન એશિયાના સૌથી અમીર વ્યક્તિ બન્યા

### આરઆઈએલના શેરમાં સતત ઘટાડાને કારણે મુકેશ અંબાણીની કુલ નેટવર્થ હવે ૭૬.૯ બિલિયન ડોલર થઈ



*મુંબઈ/બેઈજિંગ,તા.૩૧*

એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકેનું રિલાયન્સના મૂકેશ અંબાણીનું બિરુદ વર્ષના છેલ્લા દિવસે છીનવાઇ ગયું હતું. ચીનના બોટલ વોટર કિંગ કહેવાતા ઝોંગ શાનશને આ બિરુદ છીનવી લીધું હતું.

ઝોંગ શાનશન હવે એશિયાના સૌથી વધુ અમીર વ્યક્તિ બની ગયા હતા. પત્રકાર, મશરૂમ ફાર્મિંગ અને હેલ્થ કેરમાં પોતાનો હાથ અજમાવી ચૂકેલા ઝોંગે મૂકેશ અંબાણી અને જેક માને પાછળ મૂકી દીધા હતા. ચાલુ વર્ષે ઝોંગની સંપત્તિ ૭૦.૯ અબજ ડૉલર્સથી વધીને ૭૭.૮ અબજ ડૉલર્સ થઇ ગઇ હતી. બ્લૂમબર્ગ મિલેનિયર્સ ઈન્ડેક્સમાં જણાવ્યા મુજબ ૨૦૨૦ના વર્ષમાં ઝોંગની સંપત્તિમાં થયેલા આ વધારાના પગલે એ પૃથ્વી પરના સૌથી અમીર લોકોમાં ૧૧મા સ્થાને પહોંચી ગયા હતા.

ઝોંગની વેક્સિન નિર્માણ કંપની બીજિંગ વાનતાઇ બાયોલોજિકલ ફાર્મસી એન્ટરપ્રાઇઝે આ વર્ષના એપ્રિલમાં શૅરબજારમાં લિસ્ટ કરાવવામાં આવી હતી. એ પછી એક મહિના બાદ ઝોંગે પોતાની વોટર બોટલ કંપની નોન્ફગૂ સ્પ્રીંગ કંપનીને હોંગકોંગ શૅરબજારમાં લિસ્ટ કરાવી હતી. આ એક જોરદાર હિટ આઈપીઓ બની રહ્યું. વોટર બોટલ કંપનીના શૅર દીઠ ૧૫૫ ટકા પ્રીમિયમ લિસ્ટ થયો હતો. ઝોંગની ફાર્મા કંપની કોરોના વેક્સિન ડેવલપ કરી રહી હોવાની જાહેરાત કરાઇ હતી એને કારણે એના શૅરના ભાવ ઊંચકાયા હોવાનું મનાતું હતું. ચીનમાં ટેક્નોલોજી કંપની અલીબાબાના માલિક જેક માની સંપત્તિ ઘટીને ૫૧.૨ અબજ ડૉલર્સની રહી ગઇ કતી. ઓક્ટોબરમાં જેક માની સંપત્તિ ૬૧.૭ અબજ ડૉલર્સની હતી.

ચીનના જેજિયાંગ પ્રાંતના હોંગજોઉમાંથી આવેલા ઝોંગે કારકિર્દીનો આરંભ એક કંપનીમાં શ્રમિક તરીકે કર્યો હતો. ત્યારબાદ એ પ્રેસ રિપોર્ટર બન્યા હતા. ત્યાર પછી તેમણે પીવાના પાણીના ધંધામાં ઝુકાવ્યું હતું. અત્યાર સુધી વિશ્વના સૌથી અમીર લોકોમાં મોટે ભાગે ટેક્નોલોજી સાથે સંકળાયેલા લોકોનાં નામ આવતાં હતાં. આ પહેલીવાર વોટર બોટલ કંપનીના માલિક સૌથી અમીર લોકોની યાદીમાં સ્થાન પામ્યા હતા. અત્યારે ચીનમાં બોટલ બંધ પાણીના બજારમાં ઝોંગની નોન્ગ્ફૂ કંપની નંબર વન છે. આ કંપનીએ આઈપીઓ દ્વારા ૧.૧ અબજ ડૉલર્સ જેવી ધીકતી મૂડી રોકાણ કર્યુ હતું.

## ભારત સાથે સંબોધો સુદ્દઢ કરવા અમે સહકાર વધારીશું: રશિયા

મોસ્કો,તા.૩૧

રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને કહ્યું હતું કે ભારત સાથેના રશિયાના સંબંધો સુદ્રઢ કરવા નવા વર્ષમાં અમે ભારત સાથે સહકાર વધારીશું. પુતિનેના આ વિધાનથી ચીનને આંચકો લાગે તો નવાઇ નહીં કારણ કે ચીને તાજેતરમાં એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે ભારત અને રશિયાના સંબંધોમાં ખટાશ આવી ગઇ હતી.

પુતિને કહ્યું કે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અંગે રશિયા ભારત સાથે સહકાર વધારશે અને સહિયારા મુદ્દાઓની દિશામાં સહકાર વધે એવા પગલાં લેશે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદને ક્રિસમસ અને નવા વર્ષની શુભેચ્છાનો સંદેશો મોકલતાં પુતિને કહ્યું હતું કે કોરોના મહામારી અને બીજાં અનેક પડકારો હોવા છતાં રશિયા અને ભારત સતત પ્રગતિ કરી રહ્યા હતા. બંને દેશો વચ્ચેની દોસ્તી અને સહકાર અતૂટ રહ્યા હતા.

પુતિને કહ્યું કે બંને દેશો વ્યાપક રાજકીય સંવાદને ચાલુ રાખી રહ્યા હતા અને રચનાત્મક દ્વિપક્ષી સહકાર વધારી રહ્યા હતા. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને દ્રષ્ટિએ વિવિધ સમસ્યાઓના નિવેડા માટે સહિયારા પ્રયત્નો કરી રહ્યા હતા.

## 'સાસુના મેણાં-ટોણાં તો લગ્નજીવનનો ભાગ છેઃ વહુની ફરીયાદ પર કોર્ટનો ચુકાદો

મુંબઈ,તા.૩૧

લગ્ન પછી પારિવારિક જીવનને લઈને મુંબઈની કોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે. કોર્ટે એક કેસનો ચુકાદો આપતા મજાકમાં વાતચીત કરવી અને સાસુ-સસરાના મેણાં-ટોણાંને લગ્ન જીવનનો ભાગ જણાવ્યો છે. કોર્ટે કહ્યું કે આ દરેક પરિવારમાં થાય છે. સેશન કોર્ટે માલાબાર હિલ નિવાસી ૮૦ અને ૭૫ વર્ષના વૃદ્ધ કપલને આગોતરા જામીન આપ્યા હતા.

૩૦ વર્ષની મહિલાના લગ્ન હવે દુબઈમાં વસી ગયેલા પોતાના એક સ્કૂલ ફ્રેન્ડ સાથે ૨૦૧૮માં થયા હતા. મહિલા અનુસાર લગ્નના કેટલાક દિવસો પહેલા જ રજિસ્ટ્રેશન માટે દસ્તાવેજ તૈયાર કરતા સમયે તેને ખબર પડી હતી કે હકિકતમાં તેનો પતિ ઘરમાં કામ કરવાવાળી બાઈનો દીકરો હતો અને જેને તેના સાસુ સસરાએ પાળી-પોશીને મોટો કર્યો હતો.

મહિલા અનુસાર તેના સાસુ-સસરાએ એક તો તેને કોઈ ગિફ્ટ આપી નહોતી. ઉપરથી તેના દોઢ કરોડ કિંમતના હીરા અને સોનાના આભુષણોને પણ પોતાના કબ્જામાં કરી લીધા હતા. જેને તેના પેરેન્ટ્સે લગ્નમાં આપ્યા હતા. સાથે જ તેને ફ્રીજને અડવાની પણ મંજૂરી નહોતા આપતા. વાસી ખાવાનું આપવામાં આવતું હતું અને લિવિંગ રુમમાં જ સુવા માટે મજબૂર કરવામાં આવે છે.

પતિને જ્યારે આ વાત કરતી ત્યારે તે મજાકમાં ઉડાવી દેતો હતો અને પેરેન્ટ્સની જ બધી વાત માનતો હતો. એક વાર દુબઈથી પરત ફરતા સમયે પતિએ ૧૫ કિલો ડ્રાય ફ્રુટ્સ મોકલાવ્યા હતા. પરંતુ સાસરે પહોંચીને પેકેટ લેતા પહેલા સાસુએ તેનું વજન કરાવ્યું હતું. એટલું જ નહીં તેને પોતાના માતા-પિતાના ઘરે જવાની પણ મંજૂરી નહોતી આપવામાં આવી.

તો બીજી તરફ સાસુ-સસરા પક્ષના વકીલે કોર્ટે કહ્યું કે મહિલાને તેનો પતિ સાસુ-સસરા દ્વારા ખોળે લેવામાં આવ્યો હોવાની પહેલાથી જ જાણકારી હતી. લગ્ન પછી તે ફક્ત ૧૦ દિવસ માટે જ સાસુ સસરા સાથે રહી છે. તેમણે એમ પણ કહ્યું કે લગ્નનો ખર્ચો પણ બંને પરિવારે એક સરખો ઉઠાવ્યો છે. જોકે કોર્ટે સાસુ-સસરા દુબઈ ન ચાલ્યા જાય માટે તેમના પાસપોર્ટ જમા કરાવી દીધા છે.

# ૨૦૨૧ના નવા વર્ષની પૂર્વસંધ્યાએ સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાંકડી વધઘટ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૨૮,૨૭૭ સોદામાં રૂ.૮,૫૧૪.૦૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં ૨૦૨૧ના નવા વર્ષની પૂર્વસંધ્યાએ સાંકડી વધઘટ રહી હતી. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં નોમિનલ ઘટાડો થયો હતો, જ્યારે નેચરલ ગેસ વધીને ટ્રેડ થઈ રહ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ અને રૂ (કોટન)ના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો, જ્યારે મેન્થા તેલ ઢીલું હતું. સીપીઓમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૬૮૫૮૮ સોદાઓમાં રૂ.૪૩૯૭.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦૫૯ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૨૧૦ અને નીચામાં રૂ.૫૦૦૦૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૨ વધીને રૂ.૫૦૧૮૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૩૭૯ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૫૦૦૮ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩ વધીને બંધમાં રૂ.૪૯૯૭૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૪૫૨ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૭૪૩ અને નીચામાં રૂ.૬૮૩૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ વધીને રૂ.૬૮૬૧૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૫ વધીને રૂ.૬૮૫૬૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૫ વધીને રૂ.૬૮૫૬૩ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૫૪૬ સોદાઓમાં રૂ.૧૭૨૮.૬૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૫૩૪ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૪૬ અને નીચામાં રૂ.૩૫૧૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧ ઘટીને રૂ.૩૫૧૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૦૬૨ સોદાઓમાં કુલ રૂ.૩૦૫.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૪૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૫૮૦ અને નીચામાં રૂ.૨૦૪૭૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૦ વધીને રૂ.૨૦૫૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૬૯.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૭ વધીને બંધમાં રૂ.૯૭૦.૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૭.૫ અને નીચામાં રૂ.૯૯૩.૬ રહી, અંતે રૂ.૯૯૬ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૫ અને નીચામાં રૂ.૧૧૭૬ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭.૫૦ વધીને રૂ.૧૧૯૩ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૨૫૯૯ સોદાઓમાં કુલ રૂ.૨૧૩૦.૯૬ કરોડ ની કીમતનાં ૪૨૫૧.૦૧૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૫૫૯૮૯ સોદાઓમાં કુલ રૂ.૨૨૬૬.૨૬ કરોડ ની કીમતનાં ૩૩૦.૭૧૧ ટન, ક્રૂડ તેલમાં ૩૧૮૨ સોદાઓમાં રૂ.૧૬૯.૫૨ કરોડનાં ૪૮૦૩૦૦ બેરલ્સ, કોટનમાં ૪૩૨ સોદાઓમાં રૂ.૩૧.૯૬ કરોડનાં ૧૫૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૫૬૩ સોદાઓમાં રૂ.૨૬૮.૯૮ કરોડનાં ૨૭૬૮૦ ટન, મેન્થા તેલમાં ૨૭ સોદાઓમાં રૂ.૩.૬૭ કરોડનાં ૩૬.૭૨ ટન, કપાસમાં ૪૦ સોદાઓમાં રૂ.૯૭.૧૬ લાખનાં ૧૬૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૯૭૮.૩૬૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૯૧.૬૩૧ ટન, ક્રૂડ તેલમાં ૧૬૩૫ બેરલ્સ, કોટનમાં ૧૦૬૪૫૦ ગાંસડી, સીપીઓમાં ૯૮૧૨૦ ટન, મેન્થા તેલમાં ૧૪૨.૫૬ ટન અને કપાસમાં ૪૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૮ અને નીચામાં રૂ.૧૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૨.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૦.૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૧ અને નીચામાં રૂ.૨૯૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૦૧.૫ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨૯૫૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૯૬ અને નીચામાં રૂ.૨૯૫૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૦૨૦ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૫૬૯.૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૬૯.૫ અને નીચામાં રૂ.૫૩૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૫૦ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૦૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭.૩૮ ખૂલી, ઊપરમાં રૂ.૭.૩૮ અને નીચામાં રૂ.૭.૩૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭.૩૮ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૬૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૯૨.૭ ખૂલી, ઊપરમાં રૂ.૯૭ અને નીચામાં રૂ.૮૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૯.૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૩ અને નીચામાં રૂ.૧૦૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૧.૧ બંધ રહ્યો હતો.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના મેમ્બરો ની આજે ગદ્ય રચનાઓ.

www.janfariyadnews.com

--------------------------------------

NOG સાહિત્ય સરિતા (૧)

NOG : No. 0059

નામ : જયકાન્ત એસ ઘેલાણી

વિભાગ : ગદ્ય- લેખ.

શબ્દ :"વિરહ,વેદના,ચાહના".

શીર્ષક :'સમજ શક્તિ '.

આપણાં જાણીતા સર્કલમાંથી, કોઈ સુખી માણસનાં મોઢેથી તેનાં ભૂતકાળનાં
દુ:ખની હકીકત જાણીએ,ત્યારે આપણાં મુખેથી અનાયાસે શબ્દો સરી પડે, ભાઈ, આતો સુખ-દુ:ખની ઘટમાળછે.

દરેકના કર્મને આધીન, જીવનમાં સુખ-દુ:ખ આવે, અને જાયછે. કોઈને પહેલાં સુખ, પછી દુ:ખ,તો કોઈને પહેલાં દુ:ખ, પછી સુખ,
સમજોને, સુખ દુ:ખની છે
ઘટમાળ એવી દુ:ખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી. કર્મનો આ શાશ્વત નિયમછે.
સમગ્ર જીવસૃષ્ટિનાં જીવોને, લાગુ પડેછે.રંક ને રાજા સર્વે એક સમાનછે.
આજનાં આપણાં આર્ટિકલ માટેના શબ્દો વિરહ,વેદના અને
ચાહના, મારી દ્રષ્ટિએ, આ ત્રણે શબ્દો એક બીજાની કડીરૂપે પુરક છે.પ્રથમ ચાહના આવે, જે વ્યકિત પ્રત્યે આપણને ચાહના
હોય,તે સમય અને સંજોગોને આધીન આપણાંથી આગળ-પાછળ થાય એટલે આપણને તેનો વિરહ સતાવે, અને વિરહની પાછળ વેદના ઉભી જ છે,વિરહ અને વેદના તો એક સિક્કાની બે બાજુ જ છે,જ્યાં વિરહ ત્યાં વેદના.

આપણાં શાસ્ત્રોમાં પણ ચાહના વિરહ અને વેદનાની સમજણ આપતાં અનેક દ્રષ્ટાંતો દર્શાવ્યાજ છેને ?
દરેક ધર્મનાં ધર્મગુરુઓ પણ આપણને તેનાં ઊપદેશમાં ખાસ સમજાવેછે કે સંબંધોમાં મારું એટલું દુ:ખ વધારે. જે વ્યકિત પ્રત્યે આપણી ચાહના વધારે તેટલો તેનો અલ્પ વિરહ પણ આપણને પહાડ જેટલો લાગતો
હોય છે, અને તેની વેદના તો અસહ્ય. જીવંત સૃષ્ટીમાં ફક્ત માનવને જ અથાગ વિચારવાની શક્તિ ઈશ્વરે આપી છે. તે સુખી જીવન માણી શકે છે અને અન્યને પણ આનંદદીત કરી શકેછે ,અને તે માટે ફકત અને ફક્ત મમત્વ એટલેકે મારા તારાનો ભાવ છોડી દરેક સંબંધોને અલિપ્ત ભાવે નીભાવવા જરૂરી બનેછે. સમય સમયે સંબંધો બંધાતા જશે, તે ઊદયમાં પણ આવશે તેને સમજદારી પૂર્વક , ચાહના, વિરહ. અને વેદના ને વિરક્ત ભાવે વેઠવા- સમજવાં અને નિભાવતા શીખવું જરૂરી બની રહેછે.
વિરહ , વેદના અને ચાહના, આ ત્રણે તાળાંની એક માત્ર ચાવી,
એટલે અલિપ્ત ભાવે જીવન જીવવું, જે કર્મબંધન ઓછું કરાવશે તેજ ભવ ભ્રમણનાં ફેરા ઓછા કરાવશે અને જીવંત અવસ્થામાં મોક્ષનો અનુભવ કરાવશે.

ચાલો આપણે પણ વિરહ,વેદના
અને ચાહના ને અલિપ્ત ભાવે જાણી,માનવ જીવનનો સુખદ આનંદ માણીએ અને તેને વહેંચીએ.

જયકાન્ત એસ ઘેલાણી.

"પ્યારે".બોરીવલી.

--------------------------------------

NOG.SS No.0073

પ્રકાર..ગદ્ય

શીર્ષક.. વેદના

માઇક્રોફિક્શન

મેટરનીટી હોમનાં ઓપરેશન થિયેટરમાંથી સ્ટ્રેચર પર સૂતેલી નેહાને બહાર
લાવવામાં આવી ત્યારે એના હાથ પેટ ઉપરજ હતા અસહ્ય વેદના એના આખા શરીરમાં હતીને એની આંખનાં આંસુ જાણે એ પાપને ધોઇરહ્યા હતા જે એણે આજે કર્યું હતું,પુરુષ પ્રધાન દેશમાં આજેપણ શિક્ષિત સમાજના શિક્ષિત દીકરાને સાસુ સસરાને ને આખા ઘરને એમનો વારસદાર જોઈતો હતો બે દીકરીઓ પછી તો આવખતે દીકરો જ હશે,વહેલા બતાવી દો તો દવાકરવાની ખબર પડે,બેટા મને માફ કરી દે જે હજુ આજે પણ મારામાં એવી હિંમત ના આવી કે હું બોલી શકું સામનો કરી શકું! તું મારો અંશ છે,ને હું તારો સ્વીકાર કરીશ ભલેને ત્રીજી કેમ ના હોય ને પેટ પર હાથ ફેરવતા ફેરવતા પોતાની બે માસુમ દીકરીઓ સામે જોઈ લાચાર બની એમને તાકતી રહીને મનમાં નિર્ણય કર્યો કે બેટા હું તમને લાચાર નહીં બનવા દઉં મારા જેવી તો નહિ જ.

નયના પટેલ.. વડોદરા...

--------------------------------------

NOG. સાહિત્ય સરિતા (૧)

NOG SS No. 0029

વિભાગ:ગદ્ય

વિષય: વેદના

શીર્ષક: "વહેતી વેદના"

"વહેતી વેદના"

આજ ફરી એક અસ્થિકળશ આવ્યો છે. હે રામ! ફરી એક શહીદ?
શું વાત કરું મારી વેદનાની!
મારી પાસે મારા ખળ ખળ ખળ ખળ વહેતા પાણીના પ્રચંડ અવાજ સિવાય શબ્દો નથી ,એટલે દેવથી માંડીને માનવ સુધી દરેક જણે મારો બેહદ દુરુપયોગ કરી લીધો છે.
હું સ્વર્ગમાં વસતી ત્યારે મારી અનુમતિ કે ઈચ્છા જાણ્યા પૂછ્યા વગર મને યુગો પહેલાં સ્વર્ગથી પૃથ્વી પર ઉતારી. ત્યાર બાદ તો માનવજાતે મારી પવિત્રતાને પળ પળ અપવિત્ર કરી છે.
ખેર! મારી વાત નથી કરવી. આ વાત ઈતિહાસના એક પાત્રની છે.
પણ આ સ્વાતંત્ર્યની લડાઈએ અગણિત વીરબહાદૂરોનો ભોગ લીધો. દર બે ચાર દિવસે બ્રિટીશ કંપની સામે બળવામાં માર્યા ગયેલા શહીદના અસ્થિ હું વહાવીને એને સ્વર્ગારોહણ કરાવું છું.
પણ.. આજે?
આજે માનવતા પરવારી જ ગઈ જાણે. એ અહિંસક લડાઈ લડતો માનવ, પોરબંદરનો વકીલ, માતૃભૂમિ માટે એકલે હાથે, કોઈ શસ્ત્ર વગર, પોતડી પહેરીને આખી બ્રિટીશ સલ્તનતને એકલે હાથે હંફાવીને હાંકી કાઢનાર વીરલાને પ્રાર્થનાસભા દરમ્યાન કોઈ શેતાન વિંધી ગયો.
બસ, મેં ફરી એક અસ્થિકળશને મારામાં વિસામો આપ્યો છે. પણ આજે એક પ્રાર્થના પ્રભુને કરી છે કે,"આવા મુઠ્ઠી ઉંચેરા માનવને ફરી ફરી વધુ સશક્ત બનાવીને જગકલ્યાણાર્થે જરૂર જન્મ આપજે. હા, હું તો મારી વિધાતાને જાણું જ છું એટલે વહેતી રહીશ."
લીના વછરાજાની.

--------------------------------------

NOG SS No :0022

વિષય : વેદના

વિભાગ : ગદ્ય

શિર્ષક : હવે બસ !

લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

રત્નાકર દિગ્વિજય પોતાનો સામાન સમેટી રહ્યા હતા અને વિદ્યાર્થીઓનું એક ટોળું તેમના ઘરની સામે આવીને ઉભું રહ્યું. આજે બધા શાંત હતા અને બધાંની આંખો શરમથી ઝૂકેલી હતી. હજી થોડા દિવસ પહેલાં જ આ ટોળાએ તેમના ઘરે પથ્થર ફેંક્યા હતા.

રત્નાકર તે પથ્થરો વાગ્યા તેની વેદના નહોતી થઈ જેટલી વેદના એ વાતથી થઈ હતી કે તે પથ્થરો તેમના વિદ્યાર્થીઓએ ફેંક્યા હતા જેમના માટે પોતાનું જીવન હોમી દીધું હતું.

પ્રોફેસરમાંથી પ્રિન્સીપાલ પદે પહોંચેલા રત્નાકર પાછળ પચ્ચીસ વર્ષની યશસ્વી કારકિર્દી હતી જેમાં તેમના હાથ હેઠળ અસંખ્ય વિદ્યાર્થીઓ ભણ્યા અને જીવનમાં સફળ થયા.

તૈયાર થઈ રહેલા રત્નાકર બહારથી બોલી રહેલા વિદ્યાર્થીનેતા અભિજીતના શબ્દો સાંભળી રહ્યા હતા,"સર, અમને માફ કરી દો, અમે ભૂલ કરી જે સારિકા મેડમ અને પ્રિયાની વાતમાં આવી ગયા. અમને અને કોલેજને છોડી જશો નહીં."

રત્નાકરે ગેરરિતી આચરી રહેલી પ્રાધ્યાપિકા સારિકા સામે પગલાં લીધા અને તેણે એક વિદ્યાર્થીની પ્રિયા સાથે મળીને રત્નાકર ઉપર શિયળભંગનો આરોપ કર્યો અને બધા વિદ્યાર્થીઓ તેમ જ પોલીસતંત્ર તેમના વિરોધમાં આવી ગયું. અખબારો અને ન્યુઝ ચેનલોએ વહેતી ગંગામાં હાથ ધોઈ લીધા.

અંતે સત્ય બહાર આવ્યું અને તેમનો વિરોધ કરનાર દરેક જણનું માથું શરમથી ઝૂકી ગયું.

તૈયાર થઈ ગયેલા રત્નાકર દિગ્વિજય દરવાજો ખોલીને બહાર આવ્યા અને ગણગણાટ કરી રહેલા વિદ્યાર્થીઓમાં સોપો પડી ગયો .સાડી પહેરીને બહાર આવેલા રત્નાકરે સ્ત્રી સુલભ શૃંગાર કર્યો હતો. તેમણે બધા વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં કહ્યું,"હવે બસ! મને અફસોસ છે કે જીવનમાં એવા લોકોની સેવા કરી જેમણે મારા ઉપર થયેલા આરોપો ઉપર આંખો બંધ કરીને વિશ્વાસ મૂકી દીધો. ઘણાં વર્ષોથી મને ઓળખતાં લોકો પણ મારા વિરોધમાં આવી ગયા. પણ હવે બસ! હું મારા લોકો વચ્ચે રહીશ અને તેમની સેવા કરીશ."

ભાવહીન ચેહરા સાથે રત્નાકર ત્યાંથી આગળ વધ્યા.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

--------------------------------------

NOG SS NO.0031

વિષય-વિરહની વેદના

વિભાગ-ગદ્ય

લઘુવાતો

શીર્ષક:- અફસોસ

નીલા હમણાં જ વૃધ્ધાશ્રમમાંથી પોતાના માત-પિતાને મળીને? ઘરે આવી.ઘરે આવી તે રડતાં રડતાં અફસોસ કરવા લાગી કે "મારા પતિને પોતાનાં મા-બાપને આ પાછલી જિંદગીમાં? આ ઘરમાં આરામથી હસી ખુશીથી રાખવાની કેટલી ચાહના હતી? પણ મારે સાવ સ્વતંત્રતા? જોઇતી હતી એટલે મેં રોજ કકળાટ કરી તેમને વૃધ્ધાશ્રમમાં મૂકી આવવા મજબૂર કર્યા.અને મારા આ નિર્ણયથી મારા પતિ કેટલા મા-બાપના વિરહની વેદનામાં? પીડાય છે એ મને હવે સમજાય છે. કાશ! મેં મારા પતિને આમ મજબૂર ના કર્યા હોત તો મારી ભાભી પણ મારા ભાઇને મજબૂર ના કરી શકી હોત.
મેઘલ ઉપાધ્યાય'મેઘુ'રાજકોટ

--------------------------------------

NOG SS NO: 004

વિષય: વેદના,વિરહ અને ચાહના

શીર્ષક: લીટી

લીટી

નાનપણથી જોતી આવી હસ્તરેખાઓ વાંકી ચૂકી સીધી ને એક બીજાને જોડતી. મનન કરી વિચારું ત્યાં સમજ આવી કે તે તો ભાગ્ય રેખાઓ છે..કોઈએ કહ્યું કે ,"તે રેખાઓથી જ નસીબ લખાય છે.."

ત્યાં પિતાજીના રંગોની લીટીઓ ભળી અને..સમજદારીમાં ઉમેરો થયો કે આ રંગોની રેખાઓ જો જોડાય તો એક સુંદર ચિત્ર નિર્માણ થાય..!


શાળામાં શીખવવામાં આવ્યું બે રેખાઓ ન મળે તે સમાંતર રેખા ને જ્યા ત્રણ ખૂણે મળે તે ત્રિકોણ ને ચાર ખૂણે સરખી દોરાય તે ચોરસ ને નાની મોટી બની જાય તે લંબ ચોરસ..તેમાંથી પ્રમેય ને ભૂમિતિ શીખી.

સમયના વહેણમાં પરિસ્થિતિએ ભાગ્ય રેખાઓ ક્યાંય પ્રમેયની જેમ તો ન મળી પણ ધીરે ધીરે તે પ્રારબ્ધની રેખાનો ભરોસો ઓછો થતો ગયો પણ પુરુષાર્થની લીટી એવી ફાવી ગઈ ,હાથના પુરુષાર્થથી પ્રારભધ્ધની લીટીઓ તરફ જોવાનું ભૂલાય ગયું ને રંગીન લીટીઓ ગમવા માંડી..જેમાં રંગમાં સ્વેદનું પાણી મિશ્રિત હતું..તે સમાંતર લીટીઓ કે ક્યાંય ભેગી નથી થતી પણ સાથેજ ચાલ્યા કરે છે..હાથની પ્રારબ્ધની લીટી ને હાથના પરિશ્રમની લીટીઓ...! એકદમ તે તૂટી અને વિરહની વેદના જોડાય. જોડાયેલી એ લીટીઓમાં હવે કોઈ નવી રેખાની ઉમ્મીદ જ નહોતી ત્યાં એક નવા વર્ષે એક એવી રેખા જોડાય કે તે તો લીટીઓનાં રૂપમાં મારી જ હથેલીમાં વર્ષોથી જ જોડાયેલી હતી..એક ચાહના રૂપમાં હવે વિરહની વેદના ને ચાહના રૂપમાં સ્વીકારવી કે નહિ તે તો મારા મનમાં જ યુધ્ધરૂપે જોડાય..
ફરી ક્યારેક એ યુદ્ધને પણ નિરૂપીશ સમય સાથે એ લીટી જોડાશે ત્યારે.

જયશ્રી પટેલ




## રાજ્યમાં કોરોનાના નવા સ્ટ્રેનનો પ્રથમ શંકાસ્પદ કેસ સુરતમાં મળી આવતા ખળભળાટ



હજીરા,તા.૩૧

કોરોના બાદ એના નવા સ્ટ્રેનથી દુનિયામાં ખળભળાટ મચ્યો છે. ઈંગ્લેન્ડથી કોરોનાનો નવો સ્ટ્રેન વિશ્વભરમાં ફેલાઈ રહ્યો છે, ત્યારે ઈંગ્લેન્ડથી હઝીરા નિવાસી માતા-પિતાને મળવા આવેલી પરિણીતાનો કોરોનાનો પોઝિટિવ રિપોર્ટ આવતાં આરોગ્ય વિભાગ દોડતો થઈ ગયો છે. પરિણીતાના સંપર્કમાં આવેલી તેની માતા અને બહેનને પણ કોરોના ડિટેક્ટ થતાં ત્રણેયને સુરતના નવા સિવિલ કેમ્પસમાં આવેલી કોવિડ-૧૯ હોસ્પિટલના દસમા માળે અલાયદા વોર્ડમાં દાખલ કરી સારવાર શરૂ કરાઈ છે, જ્યારે પિતાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવા છતાં તેમને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. ત્રણેયનાં સેમ્પલને ટેસ્ટ માટે પુણેની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યાં છે, જેનો રિપોર્ટ હજુ આવ્યો નથી.

યુકે નિવાસી ૩૨ વર્ષીય પરિણીતા ક્રિસમસની રજા હોવાથી ગત ૧૦મી ડિસેમ્બરના રોજ હઝીરામાં રહેતાં માતા-પિતા અને બહેનને મળવા આવી હતી. ત્યાર બાદ ગત ૨૦મીએ આ પરિણીતા યુકે પરત જવા નીકળી હતી. દિલ્હી એરપોર્ટથી ફ્લાઈટ બંધ હોવાથી પરત સુરત આવવું પડ્યું હતું. સુરત જિલ્લા આરોગ્ય વિભાગે ગત ૨૭મીએ પરિણીતા અને તેના સંપર્કમાં આવેલાં માતા-પિતા તેમજ બહેનનો પણ કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો, જેમાં પરિણીતા તેમજ તેની માતા અને બહેનનો રિપોર્ટ પોઝિટિવ આવતાં આરોગ્યતંત્ર ચોંકી ઊઠ્યું હતું, જ્યારે પરિણીતાના પિતાનો રિપોર્ટ નેગેટિવ આવતાં તેમને ઓઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. યુકેની પરિણીતા અને તેની માતા તથા બહેનની સારવાર કરનારા સિવિલના મેડિસિન વિભાગના ડો. વિવેક ગર્ગે જણાવ્યું હતું કે બુધવારે સવારે ત્રણેયને દાખલ કરી સારવાર શરૂ કરી દેવાઈ છે. ત્રણેયની તબિયત હાલ નોર્મલ જણાઈ રહી છે. જરૂરી રિપોર્ટ કરવા સાથે સારવાર ચાલી રહી છે.

## નવા વર્ષની શરૂઆતમાં જ ઉત્તર ગુજરાતમાં હળવો વરસાદ થાય તેવી સંભાવના

ગાંધીનગર,તા.૩૧

નવા વર્ષની શરૂઆતમાં જગતના તાત ખેડૂતો માટે હવામાન ખાતા વિભાગ તરફથી માઠા સમાચાર આવ્યાં છે. નવા વર્ષમાં ઉત્તર ગુજરાતના વાતાવરણમાં પલટો આવવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહીને પગલે એક પરિપત્ર જાહેર કરાયો છે. નવા વર્ષે ૨ જાન્યુઆરીથી ૪ જાન્યુઆરી સુધી ઉત્તર ગુજરાતમાં હળવો વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જિલ્લા કલેકટર દ્વારા હવામાન વિભાગ તરફથી મળેલ આગાઈ મુજબ પાક નુકસાની ન થાય તે બાબતે સાવચેતી રાખવા બાબતે પરિપત્ર જાહેર કરાયો છે.

ઉત્તર ગુજરાતના એપીએમસી, ખેતપેદાશો, ઘાસચારો તમામને તકેદારીના ભાગરૂપે સલામત સ્થળે ખસેડવાની ભલામણ કરાઈ છે. આગામી બીજી અને ત્રીજી જાન્યુઆરીના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા અને દાહોદમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આ સિવાય રાજ્યના કેટલાક ભાગોમાં વાદળછાયુ વાતાવરણ સર્જાઈ શકે છે. બીજી તરફ આજે બુધવારે ગઈકાલની સરખામણીમાં અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરોમાં અડધાથી ૬ ડિગ્રી જેટલો લઘુત્તમ તાપમાનનો પારો ઉચકાયો હતો.

બીજી તરફ આગામી ૨ અને ૩ જાન્યુઆરીના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા તેમજ દાહોદમાં કમોસમી વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. વાતાવરણમાં પલટો આવવાની આગાહીથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. કમોસમી વરસાદ થશે તો શિયાળુ પાકને મોટી નુકશાની જવાની ભીતિ સેવાઈ રહી છે. રાજ્યમાં ઉત્તરપૂર્વના પવન ફૂંકાઈ રહ્યાં છે. આજે પવનની દિશી બદલાતાં અમદાવાદ સહિત મોટા ભાગના શહેરોનું તાપમાન ઉચકાયું છે.

## મુખ્યમંત્રી રૂપાણી આગામી ૪ જાન્યુઆરીએ ડાંગના પ્રવાસે જાય તેવી શક્યતા

ડાંગ,તા.૩૧

જિલ્લા કલેક્ટરે મુખ્યપ્રધાન વિજય રૂપાણીના સ્વાગત માટે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી, જેમાં અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારે જિલ્લાના સંબંધિત વિભાગોને પરસ્પર સંકલન અને સહયોગ સાથે કાર્યક્રમને સફળ બનાવવાની ડાંગ કલેકટર એન. કે. ડામોરે સૂચના આપી છે. સંભવત: આગામી ૪ જાન્યુઆરીએ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી આવશે. તેઓ અહીં ડાંગ જિલ્લાના પાણી પૂરવઠા બોર્ડ સહિત અનેકવિધ વિભાગોના વિકાસ કામોનુ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. આહવા નજીક લશ્કરિયા ખાતે યોજાનારા આ કાર્યક્રમ સાથે સંકળાયેલા જુદા જુદા વિભાગોના અધિકારીઓને કાર્યક્રમ સંબંધિત માર્ગદર્શન આપતા કલેકટરે લોકાર્પણ-ખાતમુહૂર્તના કામોની સંપૂર્ણ વિગતો સહિત મિનીટ ટૂ મિનીટ કાર્યક્રમને આખરી કરવા ઉપયોગી માહિતી પૂરી પાડી હતી.



ડોડા જિલ્લાના ભાદરવાહ ખાતે ભારે હિમવર્ષા પછી એક વ્યક્તિએ તેના ઘરની છત પરથી બરફ સાફ કરી રહ્યો છે.



ભારે હિમવર્ષાને પગલે ફતેહપુરના સિકાર જિલ્લામાં પારો શૂન્ય ડિગ્રી નીચે ગયો હતો જેને કારણે ઝાડની ડાળીઓ પર થીજી ગયેલા ઝાકળના બિંદુઓ જોવા મળ્યા હતા.

### સૌરાષ્ટ્રના કેશોદ અને ઉત્તર ગુજરાતના ડીસામાં સૌથી વધુ ઠંડી નોધાઈ

## ગુજરાત ઠંડીમાં ઠુંઠવાયું, ૯ વર્ષમાં બીજીવાર તૂટ્યો રેકોર્ડ

અમદાવાદ,તા.૩૧

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. ઠંડા પવનો સાથે સામાન્ય દિવસો કરતાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. રાજ્યના મોટાભાગમાં બુધવારે શીતલહેરની ચપેટમાં આવી ગયું છે. જોકે ગત બે દિવસના મુકાબલે તાપમાનમાં વધારો જોવા મળ્યો છે. ઠંડા પવન ફૂંકાતા લોકો પરેશાન જોવા મળ્યા છે. હવામાન વિભાગે ગુરૂવારથી ઠંડીમાં થોડી રાહતના સંકેત આપ્યા છે, સાથે જ કેટલાક ભાગોમાં વરસાદની સંભાવના છે. અમદાવાદ શહેરમાં બુધવારે ન્યૂનતમ તાપમાન ૧૦.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું જે મંગળવારના મુકાબલે ખૂબ બધુ છે. તેમછતાં દિવસભર ફૂંકાતા પવનોના કારણે લોકો ઘરની બહાર નિકળવાનું ટાળી રહી છે. તો કેટલાક પ્રકૃતિપ્રેમીઓ ઠંડીની મજા માણવા માટે ગાર્ડનમાં ઉમટી પડ્યા છે. સૌરાષ્ટ્રના કેશોદ અને ઉત્તર ગુજરાતના ડીસામાં સૌથી વધુ ઠંડી નોધાઈ હતી. જ્યાં ન્યૂનતમ તાપમાન ૭.૨ ડિગ્રી નોંધાયું હતું.



આ ઉપરાંત રાજધાની ગાંધીનગરમાં ૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે કચ્છના નલિયા અને કંડલા એરપોર્ટ પર ૯.૧ તો રાજકોટમાં ૯.૧, વડોદરામાં ૧૦, સુરતમાં ૧૨.૨ તથા ભુજમાં ૧૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે સંભાવના વ્યક્ત કરી છે કે ગુરૂવારથી ઠંડીમાં રાહત મળશે. તો આ તરફ આગામી ત્રણ અને ચાર જાન્યુઆરીના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા તથા દાહોદ જિલ્લાના વિવિધ ભાગોમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. નવ વર્ષમાં બીજીવાર ડિસેમ્બરમાં કડકડતી ઠંડી પડી રહી છે.

વર્ષમાં ૨૦૧૮માં તાપમાન ગગડીને પારો ૧૦.૬ ડિગ્રી સુધી આવ્યો હતો. આ પહેલાં વર્ષ ૨૦૧૧માં તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું. બુધવારે ૦.૨ ડિગ્રીના ઘટાડા સાથે ન્યૂનતમ તાપમાન ૧૨.૨ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે જ સીઝનનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. આગામી ૨૪ કલાક ઠંડી યથાવત રહેશે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થતાં સુરતમાં ૮ કિમી પ્રતિકલાકની ઝડપે ઠંડા પવન ફૂંકાયા હતા. બે દિવસ સુધી સુરતમાં કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહેશે. બુધવારે મહત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ તાપમાન ૧૨.૨ ડિગ્રી નોંધાયું હતું.


## સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં હવે રોજ ૧૨ હાજર પ્રવાસીઓને એન્ટ્રી મળશે

કેવડિયા,તા.૩૧

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કેવડિયા પ્રવાસન સ્થળ પર નાતાલથી ૩૧ ડિસેમ્બર સુધી પ્રવાસીઓના બુકિંગને જોઈને એસઓયુ પરિસરમાં ટિકિટની મર્યાદા વધારવામાં આવી છે. પહેલાં રોજ ૨૫૦૦ પ્રવાસીઓને પ્રવેશ અપાતો હતો. જેમાં વ્યૂહ ગેલેરીમાં માત્ર ૫૦૦ લોકોને પાંચ સ્લોટમાં પ્રવેશ આપવામાં આવતો હતો. માત્ર ઓનલાઈન ટિકિટને કારણે કેટલાંય પ્રવાસીઓને આવવાની ઈચ્છા હોવા છતાં ટિકિટ ની લિમિટેશનને લઈને આવી શકતા નહોતા. જેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટી દ્વારા ટિકિટ મર્યાદામાં વધારો કરી દેવામાં આવ્યો છે. હવે ૨૫૦૦થી વધારી એક દિવસમાં ૧૨૦૦૦ જેટલી કરવામાં આવી છે. કેવડિયા પ્રવાસ માટે આવનાર પ્રવાસીઓની ફરિયાદો હતીકે, અલગ અલગ ટીકીટ બુકિંગ કરવી પડે છે અને ઓનલાઇન હોય છે. એકાદ ટિકિટ રહી જાય તો અહીં આવ્યા છતાં જોવા મળતું નથી.જેથી જીં તંત્ર દ્વારા કોમ્બો પેકેજ ટિકિટ બનાવવામાં આવી રહ્યું છે. એક કોમ્બો ટિકિટ લઈને પ્રવાસી આવે તો તેમને કોઈ પણ જગ્યાએ ટિકિટ લેવાની જરૂર નહીં પડે. સ્ટેચ્યુના તમામ પ્રોજેકટ માટે ટિકિટ ઓનલાઈન જ મળી શકશે. હવે વ્યૂહ ગેલેરીમાં એક સ્લોટમાં ૧૦૦૦ એટલે એક દિવસમાં ૫૦૦૦ પ્રવાસીને એન્ટ્રી મળશે. સ્ટેચ્યુના અન્ય સ્થળ માટે એક સ્લોટમાં ૧૪૦૦ પ્રવાસી એટલે એક દિવસ માં ૭૦૦૦ મળી હવેથી એક દિવસમાં ૧૨,૦૦૦ પ્રવાસીઓને એન્ટ્રી મળી રહેશે.નવી સૂચના ન આવે ત્યાં સુધી પ્રવેશ મર્યાદામાં કરાયેલો ચાલુ રખાશે.

# પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ડીસ્ટ્રીક્ટ ટી. બી. ફોરમ કમિટીની બેઠક યોજાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



પાલનપુર મુકામે બનાકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા ક્ષય કેન્દ્ર પાલનપુર દ્વારા એન. ટી. ઈ. પી. પ્રોગ્રામ અંતર્ગત ડીસ્ટ્રીક્ટ ટી. બી. ફોરમ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં એન. ટી. ઈ. પી. ના તમામ ઈન્ડીકેટર્સમાં વધારે સારી રીતે કામગીરી કઈ રીતે કરી શકાય તે અંગે કલેકટરશ્રીએ અધિકારીઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું. કલેકટરશ્રી આનંદ પટેલે બનાસકાંઠા જિલ્લામાંથી ટી.બી.ને નાબૂદ કરવા માટે પબ્લિક હેલ્થ સેક્ટર અને પ્રાયવેટ હેલ્થ સેક્ટરને પરસ્પર સંકલન અને સહયોગથી કામગીરી કરવાની હિમાયત કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભારતમાંથી ટી. બી. નાબૂદ કરવાના ૨૦૨૫ના સંકલ્પને સાકાર કરવા માટે આપણે કઈ રીતે કામગીરી કરીએ છીએ તે અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. મનીષ ફેન્સીએ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે, પ્રચાર- પ્રસારના માધ્યમથી ટી. બી. રોગ અને તેની ઉપલબ્ધ સારવારની જાણકારી છેવાડાના માનવી સુધી પહોંચાડીએ.

બનાસકાંઠા જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. સી. એ. અખાણીએ ગુજરાત રાજય સહિત ટી.બી. રોગ અંગેની આંકડાકીય જાણકારી સહિત દર્દીઓને અપાતી સારવાર અને સહાય બાબતની વિગતો આપી હતી. ડૉ. અખાણી દ્વારા ટી.બી. ફોરમના નિયુક્ત સભ્યોને પરસ્પર સંકલન તથા સહયોગની ભાવના વ્યક્ત કરી હતી. જેમાં પાલનપુર તાલુકા ટી. બી. ચેમ્પિયન તથા ટી. બી. ફોરમના તમામ સભ્યશ્રીઓ તથા જિલ્લા ક્ષય કેન્દ્ર પાલનપુરનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.



શ્રી સિદ્ધેશ્વર મહાદેવ ઇસનપુર માં વર્ષ નો અંતિમ દિવસે સુંદર શણગાર કરવામાં આવ્યો છે ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

# સમસ્ત બ્રહ્મસમાજ અગ્રણીઓ કલોલ પીડિત પરિવારની મુલાકાતે



કલોલ ખાતે ગેસ પાઈપ લાઈન ઉપર ની જમીન માં પ્લોટ પાડીને બિલ્ડર વેચાણ કર્યુ હતું.અને તેની ઉપર મકાન બનાવી સરકારી ગેર કાયદેસર મંજૂરી બિલ્ડરે લઈ,મકાન માલિકે ભાડવાત તરીકે આપેલ મકાન માં ગેસ પાઈપલાઈન માં બ્લાસ્ટ થતાં બ્રહ્મ પરિવાર ના ત્રણ વ્યક્તિઓ e jaan ગુમાવ્યા. યુવા દંપતી નું મોત તેમજ વયોવૃદ્ધ માતા નું સારવાર માં મોત. મૃતક પરિવાર ના માતા પિતા પરિવાર ને આજે દિલાસો આપવા તેમજ સરકારી કાર્યવાહી માં ન્યાય માર્ગદર્શન સાથ સલાહ આપવા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ગાંધીનગર તેમજ રાજયકક્ષા ના અગ્રણીઓ પૂર્વ સમસ્ત બ્રહ્મ સમાજ.ગાંધીનગર અધ્યક્ષ કથાકાર શ્રી કનૈયાલાલ પંડ્યા,બ્રહ્મ સમાજ ધારાશાસ્ત્રી, ઉપપ્રમુખ,સરકારી વકીલ શ્રી અશ્વિન ત્રિવેદી,સમસ્ત બ્રહ્મ સમાજ રાજયકક્ષા ના કનવીનર ડો યજ્ઞેશ દવે તેમજ મીડિયા ઇન્ચાર્જ પ્રદીપ રાવલ,યુવા અગ્રણીઓ પાર્થ રાવલ, પરશુરામ યુવા અગ્રણી નીરવ.દવે,સંજય ત્રિવેદી,સ્થાનિક કલોલ બ્રહ્મ સમાજ યુવાઓ આજરોજ તેમના ઘરે રૂબરૂ મળી તેમની વાત સાંભળી યોગ્ય કરવા સાથ સહકાર આપ્યો હતો.છેલ્લી સરકારી ચોપડે સ્થિતિ મુજબ હાલ જિલ્લા પોલીસ વડા તેમજ લગતા વળગતા વિભાગીય અધિકારી એફ.એસ. એલ રિપોર્ટ ની રાહ જોઈ રહ્યા છે ત્યારબાદ પોલીસ પોતે ફરિયાદી બની પક્ષકાર માં ઓ.એન.જીસી તેમજ બિલ્ડર,મકાન માલિક ને લઇ મૃતક પરિવાર ને ન્યાય અપાવવા આગળ વધશે ..જેમની સાથે યોગ્ય કાર્યવાહી થશે તેવું સરકાર માંથી ગૃહ મંત્રી તેમજ એસ.પી સાથે ની ટેલીફોનીક વાતચીત ઉપર થી અનુભવાયું છે...

ન્યૂઝ ઓફ ગાંધીનગર. દૈનિક...પ્રદીપ રાવલ

# છાપી હાઈવે પર શટલીયા રીક્ષાઓનો ત્રાસ, આડેધડ પાર્કીંગ કરવાથી લોકો પરેશાન

## શું રોડ ઉપર અડિગો જમાવી બેઠલા વાહનચાલકો પર પોલીસ કાર્યવાહી કરશે ખરા?

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



વડગામ તાલુકાના વેપારી હબ ગણાતા છાપી હાઈવે પર ઘણા સમય થી ટ્રાફિક ની સમસ્યા માથા ના દુખાવા સમાન બનવા પામી છે છાપી થી પાલનપુર, સિધ્ધપુર,માહી,મેતા,કાણોદર, છાપી ગામ તથા પીરોજપુરા તરફ શટલીયા મારતા રીક્ષા અને વાહન ચાલકો ને કારણે જ હાઈવે પર ટ્રાફિક ની સમસ્યા થાય છે કારણ કે આ શટલ ની રીક્ષાઓ વધારે પૈસા કમાવવા ની લાઈ માં આડેધડ ઊભી રાખી અને આખા હાઈવે પર પોતાનો અડ્ડો જમાવી દિધેલ છે તથા જ્યાં ત્યાં પાર્કિગ કરી ગપ્પા મારતા રીક્ષા ચાલકો ને કારણે હાઈવે પરના વેપારીઓ ,દુકાન ચાલકો અને નાસ્તાની દુકાન ચલાવતા વેપારીઓ આ લોકો ને કારણે હેરાન પરેશાન થઇ રહ્યા છે જેને લઇ રોજ કાયમ આવા લોકો સાથે ચકમક થતી રહે છે પોતાનું ચોક્કસ સ્ટેન્ડ ના નક્કી કરીને આખા હાઈવે ને પોતાના બાપ દાદાઓ ની જાગીર સમજી બેઠેલા આવા રીક્ષા ચાલકો ને કારણે લોકોને પારાવાર ની મુશ્કેલીઓ નો સામનો કરવો પડી રહ્યો છે અને લોકો ને ટ્રાફિક ની આવી કપરી પરીસ્થિતી માં થી ગુજરવુ પડે છે.પીરોજપુરા રોડ તથા બી.કે.પેટ્રોલપંપ પર તો જાણે આ લોકોનું જ રાજ ચાલતું હોય તેમ જયાં ત્યાં પાર્કીગ કરી પોતાના સાધન મુકી ને લોકો ચાલતી પકડે છે જેના કારણે હાઈવે ના એકમાત્ર ઘણાતા પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરાવવા આવતા જતાં લોકોને મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે મળતી માહિતી મુજબ આ શટલીયા મારતી ગાડીઓ તેમજ રીક્ષા ચાલકો માથાભારે હોય તો પોલીસ પણ તેમના પર કોઈ દાખલારૂપ કાર્યવાહી કરી રહી નથી તથા પોલીસ માસ્ક દંડ ઉઘરાવવા મા જ વ્યસ્ત હોય જેથી આવા બેજવાબદાર અને જયાં ત્યાં પાર્કિંગ કરી હાઈવે પર ટ્રાફિક જામ કરતાં તત્વો પર પોલીસ દ્વારા કાયદેસર ની કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી એ પણ લોક માં ચર્ચા એ જોર પકડ્યુ છે. શું આવા બેજવાબદાર શટલીયા ચાલકો પર પોલીસ કાર્યવાહી કરશે કે નહીં એ એક ઘુટાતો પ્રશ્ન છે આ બાબતે છાપી પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.ડી.ચૌધરી ધ્યાન આપે અને આવા બેજવાબદાર અને આડેધડ પાર્કિગ કરતાં શટલીયા ચાલકો પર કાર્યવાહી કરે અને આ ટ્રાફિક ની સમસ્યા નો ઉકેલ લાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે હવે જોવું રહ્યું કે પોલીસ દ્વારા આ લોકો પર કાર્યવાહી થાય છે કે પછી આવા શટલીયા ચાલકોની મનમાની જ ચાલતી રહેશે એતો આવનારો સમય જ બતાવશે....

# શાપુર ગામે પી.એચ.સી.ના નવનિયુક્ત ડોક્ટરનું સન્માન કરવામાં આવ્યું



વંથલી તાલુકાના શાપુર ગામના મહિલા અગ્રણી અને હંમેશા સામાજિક કાર્ય માં મોખરે રહેતા મનીષા ફડદુ દ્વારા શાપુર પી.એચ. સી. સેન્ટર માં નવનિયુક્ત ડોક્ટર ચિરાગભાઈ અને હાલના ડોક્ટર પરમાર સાહેબ નું શાપુર ગામના મહિલા સામાજીક કાર્યકર મનિષાબેન ફળદુ દ્વારા મોમેન્ટો આપી સન્માનીત કર્યા તેમજ શાપુર પી.એચ.સી. ના સમગ્ર સ્ટાફ મેમ્બર ને ન્-૯૫ માસ્ક નું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું

તસ્વીર - અહેવાલ-જીજ્ઞેશ પટેલ માણાવદર

# ઘર વિહોણા લાભાર્થીઓને મફત પ્લોટ માટે દરખાસ્ત મંજુર કરવા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર

અરવલ્લી બ્યુરો મોડાસા

માલપુર નગરમાં ઘર વિહોણા કુટુંબોને મકાન બાંધકામ માટે મફત પ્લોટ આપવા માટે ગ્રામ પંચાયતે ૭૦ ગરીબ પરિવારના લાભાર્થીઓને ઘરથાળ માટે મફત પ્લોટ મળે તે માટે ૭૦ પ્લોટની દરખાસ્ત તાલુકા પંચાયતમાં મોકલી આપવામાં આવી છે જે અંગેની જરૂરી પૂર્તતા પણ કરી દીધી હોવા છતાં મફત પ્લોટ માટેની કામગીરીની ફાઈલ અગમ્ય કારણોસર ટલ્લે ચઢતા ગુજરાત વાલ્મીકી સંગઠને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી રહી છે માલપુરમાં ગ્રામ પંચાયત દ્વારા ગરીબ ઘર વિહોણા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે ૭૦ પ્લોટની દરખાસ્ત તાલુકા પંચાયત કચેરીમાં મોકલી દેવામાં આવી છે તેમ છતાં તાલુકા પંચાયત કચેરી દ્વારા પ્લોટ ફાળવવા માટેની કાર્યવાહી પૂર્ણ ન થતા તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરી યોગ્ય ઝડપથી નિર્ણય લેવા તાકીદ કરી હતી જેથી કરીને ગરીબ પરિવારોને મફત પ્લોટ મળી રહે તે ખુબ જ તાતી જરુરીયાત છે

માલપુરના લાલજી ભગતના જણાવ્યા અનુસાર જો આ અંગે યોગ્ય ન્યાય નહીં મળેતો ગરીબ લોકોને મફત પ્લોટ માટે ન છૂટકે તાલુકા પંચાયત કચેરીમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ફરજ પડશે

# મશીન લર્નિંગ, પયથોન, રાસબરી પાયી જેવી ટેકનોલોજી ઉપર નેશનલ લેવલ વર્કશોપ અને ટ્રેનિંગ નું આયોજન કરવામાં આવ્યું

શ્રી સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી , ભાટ કમ્પ્યુટર એન્જિનિરીંગ ડીપાર્ટમેન્ટ અને ગુજકોસ્ટ , ગવરમેન્ટ ઓફ ગુજરાત , સાયન્સ એન્ડ ટેકનોલોજી ના સયુક્ત ઉપક્રમે ૩ દિવસ માટે મશીન લર્નિંગ , પયથોન , રાસબરી પાયી જેવી ટેકનોલોજી ઉપર નેશનલ લેવલ વર્કશોપ અને ટ્રેનિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આજના ત્રીજા દિવસે શ્રી રાજેશ વિશનની સીઈઓ સાયફર ઈકોર્પોરેટેડ દ્વારા રાસબરી પાયી નું લાઈવ ડેમો આપવામાં આવ્યો હતો જેમાં સમજાવ્યું હતું કે રાસબરી પાયી એક નાનું અને સસ્તું કમ્પ્યુટર છે . આ ટેકનોલોજી ના ઉપયોગ થી મનોરંજન તેમજ વ્યવહારિક પ્રોજેક્ટ દ્વારા પ્રોગ્રામ શીખવા કરી શકાય છે.

રાસબરી પાયી દ્વારા સ્માર્ટ ટ્રાન્સપોર્ટેશન , સ્માર્ટ કૉમ્યૂનિકેશન થકી લાઈવ ડિટેકશન તથા ઓબ્જેક્ટ ડિટેકશન થઈ શકે છે. જે સોસાયટી માટે ખુબજ ઉપયોગી બની શકે છે. જેમકે ચાલુ કારે ડ્રાઈવિંગ કરતા કાર નું તાપમાન વધીજાય તો આ ડિવાઇસ થાકી તમને એલર્ટ તુરંતજ મળી જશે મેથી સલામતી તથા તાપમાન અને ભેજ સેન્સર માં તાપમાન ની ચોકસાઈ મેળવી શકાય છે.રાસબરી પાયી નો ઉપયોગ સેન્સર ટચનોલોજી અને જીપીએસ માં મુખ્યત્વે કરવામાં આવેછે

આજના બીજા સેશન માં ડો.શેશાંગ દેગડવાળ દ્વારા ડેટા સાયન્સ અને પાયથોન ટેક્નોલોજી પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સ્ટુડેંટ્સ અને પ્રોફેસર મિત્રો એ ઉમળકાભેર ભાગ લીધો હતો.

અંતે સંસ્થાના કમ્પ્યુટર વિભાગ ના એચ ઓ ડી , પ્રો. વિજયકુમાર ગઢવી એ જણાવ્યું હતું કે ફોબ્સ ના આર્ટીકેલ પ્રમાણે આર્ટિફિશ્યલ ઈન્ટેલિગેન્ટસ ટેક ની માંગ ૨૦૨૦ બાદ ખુબજ વધવાની શકયતા છે , આજે ગૂગલ, નાશા, યુ ટ્યૂબે, એમેઝોન , ઈંસ્ટાગ્રામ , ફેસબુક, IBM , NETPLIX જેવી વર્લ્ડ ની ટોપ મોસ્ટ કંપનીઓ એ પાયથોન ટચનોલોજી પાર મૂવ થાય છે જેથી માની શકાય કે આગામી સમય પયથોન ડેવેલોપર ની ડિમાન્ડ ખુબજ વધવાની છે. પયથોન વર્લ્ડ ની ચોથા નંબર ની ફાસ્ટેસ્ટ ગ્રોઈન્ગ પ્રોગ્રામિંગ લેન્ગવેજ છે.જેથી આજના નવ યુવાન ઈજનેરો ને ખૂબ ઉજવળ ભવિષ્ય મળી રહે એવી આશા સાથે આ વર્કશોપ કરવામાં આવ્યો હતો . અંતે વર્કશોપ ના સમાપન કાર્યક્રમ માં સંસ્થા ના ડાયરેક્ટર શ્રી પ્રો. ધર્મેશ વંડરા અને પ્રિન્સિપાલ શ્રી ડો. હિતેશ વંડરા દ્વારા વિદ્યારથી મિત્રોને શુભેચા આપી હતી તેમજ વર્કશોપ ના કોર્ડીનેટર વિભાગ ના પ્રો. રાજુલ સુથાર , પ્રો. નીરજ ઠાકોર , પ્રો.જહાનવી દવે , પ્રો. દિપાલી મહાત્મા , પ્રો. બ્રિન્દા પટેલ ને વોર્શોપ ની સફળ આયોજન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ફોરેસ્ટ કર્મીઓ પર હુમલો કરી પથ્થર ભરેલ ટ્રેકટર ઝુંટવી લેનાર ટ્રેકટર ચાલક સહીત ટોળા સામે ગુન્હો નોંધાતા ભૂગર્ભમાં ઉતરી ગયા

અરવલ્લી બ્યુરો મોડાસા



ભિલોડા તાલુકાના વાઘેશ્વરીના જંગલોમાંથી ગેરકાયદેસર રીતે પથ્થરો ઉલેચી ભૂમાફિયાઓ જંગલને નુકશાન પહોંચાડી ખીસ્સા ભરી રહ્યા હોવાની બૂમો ઉઠતા વાઘેશ્વરીના જંગલમાંથી ગેરકાયદેસર પથ્થર ભરી ઈન્દ્રપુરા રોડ પરથી પસાર થતા ટ્રેકટરને ફોરેસ્ટ કર્મચારીઓએ અટકાવતા અને ડિટેઇન કરવાની કામગીરી હાથધરાતા ટ્રેકટર ચાલક અને તેના મળતીયાઓ ટ્રેકટર મૂકી ફરાર થઇ ગયા હતા થોડીવારમાં ટ્રેકટર ચાલક નીતિન હીરા ખરાડી અને તેના સાગરીતો રીક્ષા અને બાઈક પર હથિયારો સાથે પરત ફરી ફોરેસ્ટર અને ડ્રાઈવર પર પ્રાણઘાતક હુમલો કરી ગડદા પાટુ અને પાઈપ વડે મારમારી જપ્ત કરેલ ટ્રેકટર લઈ ફરાર થઇ જતા ભારે ચકચાર મચી હતી ટોળાના હુમલાના પગલે ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત બંને કર્મચારીઓને સારવાર અર્થે ખસેડી દીધા હતા ટોળાના હુમલાનો ભોગ બનેલ ફોરેસ્ટ કર્મીએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ૫ ભૂમાફિયાઓ સામે નામજોગ અને અન્ય ટોળા સામે ગુન્હો નોંધાવતા ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ભિલોડા વનવિભાગમાં ફરજ બજાવતા ફોરેસ્ટર ભવદીપસિંહ રાઠોડ અને આઉટ સોર્સીંગ ડ્રાઈવર પ્રદીપસિંહ મેહપતસિંહ જાડેજા પર ખૂની હુમલો કરી ગેરકાયદેસર જંગલમાં ખનન કરી પથ્થર ભરેલા ટ્રેકટરને ઝુંટવી લેવાની ગંભીર ઘટનાના પગલે ૧)નિતીન હીરા ખરાડી,૨)વનરાજ હીરા ખરાડી,૩)નરેન્દ્ર હીરા ખરાડી,૪)હીરા મંગળાભાઈ ખરાડી,૫)અરવિંદ મેણાંતનો છોકરો અને અન્ય ૫ થી ૬ અજાણ્યા શખ્સો (તમામ રહે,ઇન્દ્રપુરા તા.ભિલોડા) વિરુદ્ધ ભિલોડા ફોરેસ્ટ કર્મચારી ભવદીપસિંહ રાઠોડે ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે તમામ શખ્સો સામે રાયોટીંગ સહીત સંખ્યાબંધ ગુન્હા નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા ગુન્હો નોંધાતા જ ભૂમાફિયાઓ અને તેના સાગરીતો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા

## અરવલ્લીને અડીને આવેલી રાજસ્થાની હોટલો ફૂલ

# થર્ટી ફર્સ્ટ ની ઉજવણી કરવા રાજ્યના માલેતુજાર નબીરાઓ રાજસ્થાની વાટ પકડી

અરવલ્લી બ્યુરો મોડાસા



હાલ કોરોનાની મહામારીના પગલે જાહેરમાં કે સમૂહમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી પર સરકારે પાબંધી લાદી દીધી છે ૩૧ ડિસેમ્બરની આડે હવે ગણતરીના કલાકો બાકી છે ૨૦૨૦નું વર્ષ પૂરું થવાની આડે અને વર્ષ ૨૦૨૧ શરુ થવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે રાજ્ય સહીત અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના માલેતુજાર નબીરાઓ ૨૦૨૦ ના વર્ષને વિદાય આપવા અને નવા વર્ષને આવકારવા માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે અને ઉજવણી માટે રાજસ્થાનની વાટ પકડી લીધી છે અને તેના માટે એડવાન્સમાં રિસોર્ટ અને હોટલો બુક કરાવી શરાબ,શબાબ અને સુંદરીઓ સાથે નવાવર્ષની ઉજવણી માટે બેતાબ બન્યા છે.ગુજરાતમા દારૂબંધી હોવાથી ઉજવણીમાં વિઘ્ન નડે નહિ તેમાટે ધૂમ ખર્ચો કરી સંઘ પ્રદેશ તરફ પણ વાટ ભણી છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવામાટે યુવાધન આયોજનને વિવિધ આખરી ઓપ આપી રહ્યા છે અરવલ્લી જિલ્લાને અડીને આવેલી આંતરરાજ્ય સરહદો પર આવેલી હોટલો અને રિસોર્ટ ના રૂમ ૩૧ ફર્સ્ટ ડિસેમ્બર ના પગલે બુકીંગ ફુલ થઈ ગયા છે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દારૂ નિષેધના કાયદાનો કડક અમલવારી કરવામાં આવતા યુવાધન રાજસ્થાનના ઉદેપુર,જેસલમેર અને બિછિવાડાની વાટ પકડી છે બંને જિલ્લામાં પોલીસ ૩૧ ડિસેમ્બરની ઉજવણીમાં કોઈ અનિચ્છનીય ઘટના ના બને અને અસામાજિક તત્વો દારૂ પીધેલી હાલતમાં ગુજરાતમાં પ્રવેશેનહીં તેમાટે ચેકપોસ્ટો ઉભી કરી જિલ્લાના માર્ગો પર પેટ્રોલિંગ હાથધરવામાં આવનાર હોવાથી પોલીસ પકડે તો આબરૂના ધજાગરા ઉડી જવાની સાથે પરિવારજનોને પણ નીચાજોણું થાય નહિ અને થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં ભંગ પડે નહિ તેમાટે રાજસ્થાનમાં ઉજવણી કરવામાટે યુવા હૈયાઓ ઉપડી ગયા છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર બંને જિલ્લાના માલેતુજાર નબીરાઓ દ્વારા અમદાવાદ ના દલાલો દ્વારા થર્ટી ફર્સ્ટની ઉજવણી ની રાત્રીએ ડાન્સ કરવા અને રાત રંગીન બનાવવા માટે ડાન્સ ગર્લ્સ અને રૂપલલનાઓ રાજ્યના વિવિધ વિસ્તારો સહીત દિલ્હી,મુંબઈ,બંગાળ અને નેપાળ થી ૨૫૦૦૦ થી લઈ લાખ દોઢ લાખ રૂપિયા સુધી ખર્ચ કરી ગ્રુપ માટે એડવાન્સમાં રાજસ્થાનની બુકીંગ કરેલી હોટલો અને રિસોર્ટના રૂમ માં પહોંચાડી દેવામાં આવી છે બે દિવસ સતત દારૂની રેલમછેલ વચ્ચે ઉજવણી કરી પરત ફરશે સૂત્રો પાસે થી જાણવા મળ્યું હતું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.